પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૨૪૭, કુલ પાના:૪, તારીખ: ૧૨-૦૬-૨૦૨૧ શનિવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 247 PRICE :-RS. 1.50 DATE : 12-06-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ફરી એકવાર પેટ્રોલમાં ૨૯ પૈસાનો અને ડિઝલમાં ૨૮ પૈસાનો વધારો

# હાય રે મોંઘવારી: દેશના ૧૩૫ જિલ્લામાં પેટ્રોલ ૧૦૦ રૂ.ને પાર

- જૂનમાં ૬ વખત ભાવ વધ્યા, મે મહિનામાં પેટ્રોલમાં ૪.૦૯નો વધારો થયો હતો, મુંબઈમાં પેટ્રોલનો ભાવ ૧૦૨ની ઉપર પહોંચ્યો.
- પેટ્રોલ-ડિઝલના વધતા ભાવ મુદ્દે કોંગ્રેસ દેશભરમાં વિરોધ પ્રદર્શન કર્યું, લોકોને રાહત આપવા માંગ કરાઈ.

ન્યુ દિલ્હી,

દેશમાં કોરોનાનાં કેસ હવે ઝડપથી ઘટી રહ્યા છે. પરંતુ બીજી તરફ પેટ્રોલ અને ડીઝલનાં ભાવમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. આજે પેટ્રોલનો ભાવ આકાશને સ્પર્શે તેટલો થઈ ગયો છે. એક દિવસના વિરામ બાદ આજે ડીઝલ પેટ્રોલના ભાવ બદલાયા છે. આજે પેટ્રોલનાં દરમાં ૨૯ પૈસાનો વધારો થયો છે. વળી ડીઝલનાં દરમાં ૨૮ પૈસાનો વધારો થયો છે.



આપને જણાવી દઈએ કે ગુરુવારે ક્રૂડ ઓઈલનાં ભાવમાં નરમાશ જોવા મળી હતી, જે પછી આજે એટલે કે ૧૧ જૂને પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ફેરફાર કરવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, આજે દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૯૫.૮૫ રૂપિયા પ્રતિ લિટર થઈ ગઈ છે, જ્યારે ડીઝલની કિંમત પ્રતિ લિટર ૮૬.૭૫ રૂપિયા પર પહોંચી ગઈ છે. મુંબઈમાં પેટ્રોલનો ભાવ ૧૦૨ પ્રતિ લીટરની પાર થઈ ગયો છે. જ્યારે ડીઝલ ૯૪ ઉપર છે. આપને જણાવી દઈએ કે, આ વર્ષે પેટ્રોલની કિંમતમાં લગભગ ૧૪ ટકાનો વધારો થયો છે. વળી પેટ્રોલનાં ભાવમાં ૨૫-૨૯ પૈસા પ્રતિ લિટર અને ડીઝલમાં ૨૭-૩૦ પૈસા પ્રતિ લિટરનો વધારો થયો છે.

માર્ચ એપ્રિલમાં પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી દરમિયાન પેટ્રોલ ડીઝળની કિંમતમાં મોટો ફેરફાર થયો ન હતો. બે મેના રોજ ચૂંટણીના પરિણામ બાદ ચાર મેથી કિંમત વધવાની શરૂ થઈ ગઈ. મેમાં કુલ ૧૬ વખત પેટ્રોલની કિંમતમાં વધારો થયો. દિલ્હીમાં મે મહિનામાં પેટ્રોલ ૩.૮૩ રૂપિયા અને ડિઝલ ૪.૪૨ રૂપિયા પ્રતિ લિટર મોંઘું થયુ. જ્યારે જૂનમાં અત્યાર સુધીમાં ૬ વખત પેટ્રોલની કિંમત વધી છે. જૂનમાં પેટ્રોલ ૧.૬૬ રૂપિયા જ્યારે ડિઝલ ૧.૬ રૂપિયા મોંઘું થયું છે. વર્ષ ૨૦૨૧માં અત્યાર સુધી કિંમત ૪૮ વખત વધી છે. આ દરમિયન પેટ્રોલ ૧૨.૧૪ રૂપિયા મોઘું થયું છે.

વર્ષ ૨૦૧૪-૧૫માં પેટ્રોલ ૬૬ રૂપિયા પ્રતિ લિટર અને ડીઝલ ૫૦ રૂપિયા પ્રતિ લિટર હતું. આજે ૨૦૨૧માં પેટ્રોલ ૯૫ રૂપિયા અને ડીઝલ ૮૬ રૂપિયા પ્રતિ લિટરે પહોંચી ગયું છે. ભારતના કેટલાક ૧૩૫ જિલ્લામાં તો પેટ્રોલ ૧૦૦ રૂપિયાને પાર કરી ગયું છે.

## પેટ્રોલ-ડિઝલના વધતા ભાવ મુદ્દે કોંગ્રેસે સમગ્ર રાજ્યભરમાં વિરોધ પ્રદર્શન કર્યું





ગાંધીનગર,

સમગ્ર દેશમાં પેટ્રોલ-ડીઝલની કિંમતોમાં થઈ રહેલા સતત વધારાને કારણે આમ આદમીની કમર તૂટી જવા પામી છે. ઈંધણના ભાવ ઘટવાનું નામ જ લઈ રહ્યા ન હોવાથી આજે કોંગ્રેસ દ્વારા સમગ્ર ગુજરાત સહિત દેશમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. દરમિયાન આજે રાજકોટના ત્રિકોણ બાગ ચોકમાં શહેર કોંગ્રેસે ધરણા શરૂ કર્યાની મિનિટોમાં જ પોલીસે દોડી જઈને અનેક કોંગ્રેસ કાર્યકરો અને નેતાઓની ટીંગાટોળી કરીને અટકાયત કરી લીધી હતી. આજે રાજકોટ ઉપરાંત સૌરાષ્ટ્રમાં પણ ઠેક-ઠેકાણે કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જો કે આ પ્રદર્શન આગળ વધે તે પહેલાં જ પોલીસ દ્વારા તમામ લોકોની અટકાયત કરી લેવાઈ હતી.

અમદાવાદ શહેરમાં પણ કોંગ્રેસે પેટ્રોલ ડિઝલના વધતા ભાવ વધારા સામે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું છે. સીજી રોડ ખાતે આવેલા પેટ્રોલ પંપ ખાતે શહેર કોંગ્રેસ પ્રમુખ મ્યુનિસિપલ કોર્પોરેટર અને કોંગ્રેસના કાર્યકરોએ વિરોધ કર્યો છે. તેઓ બેનર દર્શાવી પેટ્રોલ ડિઝલના વધતા ભાવ સામે વિરોધ કર્યો છે. પરંતુ પોલીસ મંજુરી વિના કાર્યક્મ યોજાયો હતો, જેના કારણે તેમની મુશ્કેલીઓ વેઠવાનો વારો આવ્યો હતો. કોંગ્રેસે માંગ કરી છે કે, પેટ્રોલ ડિઝલનો ભાવ વધારો પાછો ખેંચવામાં આવે..

વડોદરાના પાદરામાં કોંગ્રેસ દ્વારા કોરોનાની મહામારીમાં પણ પેટ્રોલ, ડીઝલ, તેલના ભાવ વધારાને લઈ વિરોધ પ્રદર્શન કાર્યક્રમ યોજાયો છે. વડોદરા જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લા કક્ષાનો પ્રોગ્રામ પાદરા મુકામે યોજાયો છે. જેમાં પેટ્રોલ પમ્પ સામે બેસીને ધરણા કર્યા છે. વડોદરા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ તેમજ પાદરાના ધારાસભ્ય જસપાલસિંહ સાયકલ પર નીકળી વિરોધ દર્શાવ્યો હતો. કાર્યકરોએ પણ વિવિધ બેનરો સાથે ભાજપા વિરુદ્ધ ભારે સુત્રોચાર કરી વિરોધ નોંધાવ્યો છે. મામલો વધુ ગંભીર ન બને તે પહેલા પાદરા પોલીસ ઘટના સ્થળેથી ૨૫ જેટલા કોંગી આગેવાન હોદ્દેદારો અને કાર્યકરોની અટકાયત કરી છે. એટલું જ નહીં, વડોદરામાં દોરડાથી કાર ખેંચીને કાર્યકરોએ વિરોધ દર્શાવ્યો હતો. જેમાં ભરતસિંહ સોલંકીની આગેવાનીમાં વિરોધ કરાયો છે. ભરતસિંહ સોલંકીએ પ્રમુખની રેસમાં આગળ હોવા મામલે એક નિવેદન પણ આપ્યું હતું. જેમાં તેમણે જણાવ્યું હતું કે, પ્રમુખ કોઈ પણ બને પ્રજા હિતનું કામ કરવું જરૂરી

સુરતમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં થતી ઉઘાડી લૂંટ સામે કોંગ્રેસનો દેખાવ જોવા મળી રહ્યો છે. જેમાં આજે કોંગ્રેસનું રાજ્ય વ્યાપી દેખાવો યોજવાનું એલાન કરવામાં આવ્યું છે. કોંગ્રેસનું કહેવું છે કે ૪ મેથી ૧૦ જૂન સુધીમાં પેટ્રોલ-ડીઝલના ભાવોમાં ૨૨ વખત વધારો કરવામાં આવ્યો છે. દેશમાં પેટ્રોલ-ડીઝલના ભાવ છેલ્લા ૭૩ વર્ષના સૌથી વધુ ઉંચા ભાવ છે. આર્થિક લૂંટ બંધ કરી સરકાર જનતાને રાહત આપે એ નાણાં સાથે કોંગ્રેસ દેખાવો કરી રહ્યું છે.

ઉત્તર ગુજરાતના પાટણ જિલ્લામાં પણ કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન નોંધાયો છે. રાજ્ય સહિત સમગ્ર દેશમાં વધતા જતા પેટ્રોલ-ડીઝલ ભાવને લઈ પાટણ જિલ્લા કોંગેસે આજે વિરોધ કર્યો છે. પાટણ જિલ્લા કોંગ્રેસ દ્વારા સિદ્ધપુર ચોકડી પાસે ધરણાં યોજી વિરોધ નોંધાવ્યો છે. દિવસેને દિવસે વધતા પેટ્રોલ ડીઝલના ભાવને લઈ જિલ્લા કોગેસ દ્વારા વિવિધ બેનરો સાથે ઘરણાં યોજી વિરોધ નોંધાવ્યો હતો. પાટણ જિલ્લા કોગ્રેસ વિરોધ પ્રદર્શનમાં જિલ્લાના ત્રણ ધારાસભ્ય હાજર રહ્યા છે. મહિલા કોંગ્રેસ દ્વારા છાજીયા ફૂટી સરકાર વિરુદ્ધ સૂત્રોચાર કર્યા છે. વિરોધ પ્રદર્શનમાંના સોસીયલ ડિસ્ટન્સ જળવાયું નહોતું.

જૂનાગઢમાં પણ કોંગ્રેસે પેટ્રોલ ડીઝલના ભાવ વધારા સામે વિરોધ પ્રદર્શન કર્યું છે. જેમાં કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું છે. કાર્યકરોએ પેટ્રોલ પંપ ઉપર જઈ સૂત્રોચ્ચાર કર્યા હતો અને વધતા જતાં પેટ્રોલ ડિઝલના ભાવ વધારો પાછો ખેંચવા માંગણી કરી હતી. પરંતુ મામલો વધુ ઉગ્ર બને તે પહેલા પોલીસે કોંગ્રેસ પ્રમુખ સહિત કાર્યકરોની અટક કરી લીધી હતી.

બનાસકાંઠા જિલ્લાના પાલનપુરમાં પણ કોંગ્રેસના વિરોધને લઈને પોલીસ સતર્ક બની ગઈ હતી. પાલનપુરના ગુરુનાનક ચોક વિસ્તારમાં મોટી સંખ્યામાં પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો. પેટ્રોલ, ડીઝલના વધતા ભાવ અને મોંઘવારીને લઈને કોંગ્રેસ પક્ષ દ્વારા આજે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરાયું છે. કોંગ્રેસના નેતાઓ અને કાર્યકર્તાઓ વિરોધ કરે તે પહેલાં જ પોલીસે તમામની અટકાયત કરી છે.

બીજી બાજુ કોંગ્રેસના વિરોધ પ્રદર્શન બાદ ભાજપના અનેક નેતાઓના નિવેદન સામે આવ્યા છે. જેમાં હાલ ભાજપ પ્રવક્તા યમલ વ્યાસે જણાવ્યું હતું કે, ભાજપનાં કાર્યકર્તાઓ લોકો વચ્ચે રહે છે તે કોંગ્રેસથી સહન થતુ નથી. કોંગ્રેસ ખોટા આક્ષેપ કરે છે. સરકાર અને સંગઠન વચ્ચે કોઈ મતભેદ નથી. ચૂંટણી માટે અમે સતત તૈયાર જ હોય છીએ.

## ભારતમાં કોરોનાના નવા કેસ એક લાખની અંદર: ૩,૪૦૩નાં મોત

ન્યુ દિલ્હી,

ભારતમાં કોરોનાના કેસની સંખ્યામાં સતત ઘટાડો થઈ રહ્યો છે, નવા કેસનો આંકડો એક લાખની અંદર પહોંચ્યા પછી તેમાં ઘટાડો થઈ રહ્યો છે. ગુરુવારે દેશમાં ૯૧ હજાર નવા કેસ નોંધાયા છે. આ પહેલા બુધવારે ૯૪ હજાર કેસ નોંધાયા હતા.



કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે દેશમાં ૨૪ કલાકમાં કોરોનાના નવા ૯૧,૭૦૨ કેસ નોંધાયા છે, જ્યારે વધુ ૩,૪૦૩ દર્દીઓના જીવ ગયા છે, નવા કેસમાં મોટો ઘટાડો થઈ ગયો હોવા છતાં હજુ પણ મૃત્યુઆંકમાં જે ગતિથી ઘટાડો નોંધાઈ રહ્યો છે તે ચિંતા જન્માવી રહ્યા છે. બીજી તરફ સાજા થનારા દર્દીઓની સંખ્ય પણ નવા કેસ કરતા મોટી હોવાથી એક્ટિવ કેસમાં મોટો ઘટાડો થઈ રહ્યો છે. ભારતમાં કોરોનાના કુલ કેસની સંખ્યા વધીને ૨,૯૨,૭૪,૮૨૩ થઈ ગઈ છે. મૃત્યુઆંક ૩.૬૦ લાખને પાર કરીને ૩,૬૩,૦૭૯ પર જતો રહ્યો છે.

પાછલા ૨૪ કલાકમાં ૧,૩૪,૫૮૦ દર્દીઓ કોરોનાને હરાવીને સાજા થયા છે, આ સાથે કુલ સાજા થયેલા દર્દીઓની સંખ્યા વધીને ૨,૭૭,૯૦,૦૭૩ પર પહોંચી ગઈ છે. દેશમાં કોરોનાની બીજી લહેર નબળી પડવાની સાથે ૪૦ લાખ પર પહોંચેલા એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૧૧ લાખ પર પહોંચી ગઈ છે. પાછલા ૨૪ કલાકના આંકડા પ્રમાણે દેશમાં ૧૧,૨૧,૬૭૧ એક્ટિવ કેસ છે.

૧૬ જાન્યુઆરીએ દેશમાં કોરોનાની રસીનો આરંભ કરવામાં આવ્યો હતો, જેમાં આજે સવારે જાહેર કરેલા આંકડા પ્રમાણે કુલ ૨૪,૬૦,૮૫,૬૪૯ ડોઝ આપવામાં આવ્યા છે.

ૈઝસ્ઈ મુજબ દેશમાં કોરોના સામે લડવા માટે કુલ ૩૭,૪૨,૪૨,૩૮૪ લોકોના કોરોના ટેસ્ટ માટે સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાંથી પાછલા ૨૪ કલાકમાં કુલ ૨૦,૪૪,૧૩૧ દર્દીઓના સેમ્પલ લેવામાં આવ્યા છે.

ભારતમાં કોરોના વાયરસના ૨૦ લાખ કેસ ૭ ઓગસ્ટના રોજ થયા હતા, આ પછી ૨૩ ઓગસ્ટે ૩૦ લાખ, ૫ સપ્ટેમ્બરે ૪૦ લાખ, ૧૬ સપ્ટેમ્બરે ૫૦ લાખ પર પહોંચી ગયા હતા. આ પછી ૬૦ લાખ પહોંચતા ૨૮ સપ્ટેમ્બર સુધીનો ટૂંકો સમય લાગ્યો હતો. જે પછી ૧૧ ઓક્ટોબરે ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબરે ૮૦ લાખ, ૨૦ નવેમ્બરે ૯૦ લાખ અને ૧૯ ડિસેમ્બરે કોરોનાના કુલ કેસનો આંકડો ૧ કરોડને પાર થઈ ગયો હતો. આ પછી ૧૯ એપ્રિલે ભારતમાં કોરોના કુલ કેસનો આંકડો ૧.૫૦ કરોડને પાર થયો હતો. ૩ એપ્રિલના કેસ સાથે આ આંકડો ૨ કરોડને પાર કરી ગયો છે. ૧૮મેના રોજ જાહેર થયેલા આંકડા પ્રમાણે દેશમાં કોરોનાના કુલ કેસની સંખ્યા ૨.૫ કરોડને પાર થઈ ગઈ હતી.

## રાજ્યમાં આગામી દિવસ વરસાદી માહોલ રહેવાની હવામાન વિભાગની આગાહી

ગાંધીનગર,

ગુજરાતમાં આગામી ૫ દિવસ વરસાદી માહોલ રહેવાની આગાહી કરવામાં આવી છે. ગુજરાતના નવસારી, વલસાડ, દીવમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે, જ્યારે સૌરાષ્ટ્રમાં સામાન્ય વરસાદ રહેશે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે અમદાવાદમાં ૧૫ જૂને વરસાદની આગાહી કરી છે. કચ્છમાં ચોમાસુ બેસતા વિલંબ થશે. ગુજરાતના વલસાડ ખાતે બુધવારે ચોમાસાની વિધિવત એન્ટ્રી થઈ ચુકી છે. દક્ષિણ ઓરિસ્સામાં સક્રિય થયેલી વરસાદની સિસ્ટમના કારણે દક્ષિણ ગુજરાતના વલસાડ, નવસારી, દમણ અને દાદરા નગર હવેલી ખાતે ભારે વરસાદ પડવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે.

હવામાન ખાતાના જણાવ્યાં પ્રમાણે, આગામી પાંચ દિવસ સુધી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારમાં હળવાથી ભારે વરસાદ પડવાની શક્યતાઓ છે. જેમાં મુખ્યત્વે ભરૂચ, ડાંગ, નવસારી, સુરત, તાપી, વલસાડ, દમણ, દાદારા નગર હવેલી, આણંદ, રાજકોટ, ભાવનગર, ગીર સોમનાથ, જુનાગઢ, દીવ, પોરબંદર, અમરેલીમાં વરસાદ પડશે.

હવામાન ખાતાએ જારી કરેલી વિગતો પ્રમાણે, અમદાવાદ સહિત ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં આગામી પાંચ દિવસ સુધી વરસાદની કોઈ શક્યતાઓ જણાતી નથી. વલસાડ, નવસારીમાં સારો વરસાદ પડી રહ્યો છે આજે અમરેલીના રાજુલા તાલુકામાં પણ ધોધમાર વરસાદ વરસ્યો હતો. આ વખતે ગુજરાતમાં આગાહી કરતાં ૬ દિવસ ચોમાસું વહેલુ આવ્યું છે.

## રશિયા ઈરાનને એડવાન્સ સેટેલાઈટ ઉપલબ્ધ કરાવવાની તૈયારીમાં

વોશિંગ્ટન,

રશિયા ઈરાનને એક એડવાન્સ સેટેલાઈટ ઉપલબ્ધ કરાવવાની તૈયારી કરી રહ્યું છે, જે તેને મધ્ય-પૂર્વમાં સંભવિત સૈન્ય લક્ષ્યોને ટ્રેક કરવામાં સક્ષમ બનાવશે. અમેરિકન સમાચારપત્ર વોશિંગ્ટન પોસ્ટે ગુરૂવારના જણાવ્યું કે, આ યોજના હેઠળ હાઈ રિઝોલ્યુશન કેમેરાથી સજ્જ રશિયા નિર્મિત કનોપસ-વી સેટેલાઈટ ઈરાનને આપવો જોઈએ. રિપોર્ટ પ્રમાણે રશિયા આને કેટલાક મહિનામાં જ લોન્ચ કરી શકે છે.

રશિયાના આ નિર્ણયથી ઈઝરાઈલની ચિંતા વધી શકે છે, કેમકે ઈરાન એ દેશોમાંથી એક છે જે ઈઝરાઈલની વિરુદ્ધ પેલેસ્ટાઈનના સક્રિય ચરમપંથી સંગઠન હમાસને સતત સમર્થન કરી રહ્યું છે. પૂર્વ જેરુસલમે સ્થિત અલ-અકસા મસ્જિદમાં ૧૦ મે ૨૦૨૧ થયેલા લોહિયાળ સંઘર્ષ બાદ હમાસે સતત ૧૧ દિવસ સુધી ઈઝરાઈલની વિરુદ્ધ રૉકેટ પ્રહાર કર્યા હતા. ઉલ્લેખનીય છે કે અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડન અને તેમના રશિયન સમકક્ષ વ્લાદિમીર પુતિનની જિનેવામાં થનારી બેઠકથી પહેલા વોશિંગ્ટન પોસ્ટનો આ રિપોર્ટ સામે આવ્યો છે.

અમેરિકા અને ઈરાન ૨૦૧૫ના પરમાણુ કરારને પુનઃસ્થાપિત કરવા માટે વાતચીત કરી રહ્યા છે. આ કરારને પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રદ કરીને ઈરાન પર અનેક આર્થિક પ્રતિબંધો લાદ્યા હતા. બરાક ઓબામાના સમયે થયેલા આ કરાને પુનઃસ્થાપિત કરવાથી ઈરાન પર લાગેલા આર્થિક પ્રતિબંધો ખત્મ થઈ જશે અને ઈરાનના પરમાણુ કાર્યક્રમ પર અંકુશ લગાવવામાં આવી શકાશે. રિપોર્ટ પ્રમાણે સેટેલાઈટ દ્વારા ઈરાન ફારસની ખાડીની તેલ રિફાઈનરીઓ, ઈઝરાઈલ સૈન્ય અડ્ડાઓ અને એ ઈરાની બેરકોની નિરંતર મોનિટરિંગ કરી શકશે જ્યાં અમેરિકન સૈનિકો રહે છે.

## આનંદો...કોરોના ગાઈડલાઈન મુજબ મંદિરો શરુ, પ્રથમ દિવસે ભક્તોમાં ઉત્સાહ જોવા મળ્યો

ગાંધીનગર,

કોરોના મહામારીના પગલે છેલ્લા ઘણા સમયથી ગુજરાત સહિત રાજયના પાટનગર ગાંધીનગરના પણ મંદિરો જાહેર જનતા માટે બંધ કરી દેવામાં આવ્યા હતા. ત્યારે કોરોના સંક્રમણનાં કેસોમાં નોંધપાત્ર ઘટાડો આવી રહ્યો હોવાથી સરકારના કડક નિયમો વચ્ચે આજથી ગાંધીનગરના પંચદેવ, ધોળેશ્વર મહાદેવ તેમજ ગાયત્રી મંદિર સહિતના નાના મોટા મંદિરોના દરવાજા ખોલી દેવામાં આવતા ભાવિ ભક્તોમાં આનંદની લાગણી છવાઈ જવા પામી છે.



રાજય સરકારની ગાઈડ લાઈન મુજબ મંદિરોમાં ૫૦થી વધુ ભક્તોની ભીડ એકઠી ન થાય તે માટે સ્વયંસેવકોને જવાબદારી સોંપી દેવામાં આવી છે. ઉપરાંત મંદિરમાં આવતા દર્શનાર્થીઓ માટે ફરજીયાત માસ્ક તેમજ સોશિયલ ડિસ્ટન્સીની અમલવારી કરાવવા માટેની પણ વ્યવસ્થા મંદિર સંચાલકો દ્વારા કરવામાં આવી છે. કોરોનાની બીજી લહેર બાદ લગભગ ૬૧ દિવસ પછી ગાંધીનગરના મંદિરો ખુલતા ભાવિ ભક્તો મા પણ અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

શહેરમાં સાબરમતી નદીના કિનારે આવેલા પાંડવો વખતના પૌરાણિક મહત્ત્વ ધરાવતા ધોળેશ્વર મહાદેવ મંદિરમાં આજ સવારથી ભગવાન શિવના દર્શન માટે દર્શનાર્થીઓ આવી ચડ્યા હતા. મંદિરના પ્રવેશ દ્વાર પર જ સેનેટાઈજેશન કર્યા પછી દર્શનાર્થીને મંદિરમાં પ્રવેશ આપવામાં આવી રહ્યો હતો. બીજ તરફ મંદિરમાં ભીડ એકઠી થાય ન તે માટે પોલીસ પોઈન્ટ તેમજ માઈક દ્વારા એનાઉન્સમેન્ટ કરીને દર્શનાર્થીઓને સૂચનો પણ કરવામાં આવતા હતા. વહેલી સવારથી મંદિરના દ્વારા ખોલવામાં આવતા દર્શનાર્થીઓ પણ કોરોના ગાઈડ લાઈન પ્રમાણે દર્શન કરવા આવી રહ્યાં હતા. આ અંગે મંદિરમાં દર્શનાર્થે આવેલા મુકેશભાઈ શાસ્ત્રીએ જણાવ્યું હતું કે કોરોનાના કપરા સમયમાં મંદિરમાં ભગવાનના દર્શન કરવા પર પાબંધી હતી. પણ આજે મંદિરના દ્વાર ખોલવામાં આવતા મહાદેવના દર્શન કરીને ધન્યતા અનુભવી રહ્યો છું.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ધી રત્નેશ્વર આ.વિ. મંડળી ભુવેરો
મુ. પીપરગોટા, તા. ધાનપુર

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

પરમાર નિલેશભાઈ મકનભાઈ
મુ. ભાણપુર, તા. ધાનપુર

# મહીસાગર જિલ્લામાં આજે ૦૫ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૭૪૭૮ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે લુણાવાડા તાલુકાના ૦૨ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષ, વિરપુર તાલુકાના ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૧-૦૬-૨૦૨૧ના સાંજના ૪-૦૦ વાગ્યા સુધીમાં ૭૪૭૮ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લા માં સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી લુણાવાડા તાલુકાની-૦૧ સ્ત્રી , ૦૨ પુરૂષ અને સંતરામપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૪ પુરૂષ, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૧ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હા્ત આપતાં તેમને રજા આપવામાં આવી છે.

આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૭૩૩૯ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૫૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/ કોરોનાના કુલ ૨૬૩૭૪૫ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૨૦૭ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૧ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા ખાતે, ૫૭ દર્દી હોમઆઈસોલેશનમાં, ૦૧ દર્દી એસ.ડી.એસ. સંતરામપુર ખાતે, ૦૩ દર્દી અન્ય જિલ્લાન ખાતે અને ૦૪ દર્દી પ્રાઈવેટ હોસ્પિલટલ, મહીસાગર ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૫૭ દર્દીઓ સ્ટેબલ, ૦૮ દર્દીઓ ઓકિસજન પર અને ૦૧ દર્દી વેન્ટીઅલેટર પર છે.

## મહિસાગર જિલ્લામાં સૌથી વધુ લુણાવાડા તાલુકામાં ૪૦૨૮ નાગરિકોએ કોરોના વિરોધી વેક્સીન લીધી


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,
કોરોના વાયરસથી સમગ્ર વિશ્વ પ્રભાવિત થયું છે. કોરોના મહામારીને નાથવા માટે ભારત સરકાર અનેકવિધ પ્રયાસો કરી રહી છે. ત્યારે સાવચેતી એજ સલામતીના મંત્ર સાથે રાજય સરકાર દ્વારા કોવિડ-૧૯ રસીકરણની ઝુંબેશને વેગવાન બનાવવામાં આવી છે. મહીસાગર જિલ્લામાં જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લાઆ વિકાસ અધિકારી કે.ડી.લાખાણીના માર્ગદર્શન હેઠળ રસીકરણ અભિયાનને વેગવાન બનાવવા સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ત્યારે જિલ્લા આરોગ્ય તંત્રે પણ કોરોના સામે બાથ ભીડવા માટે ૧૮ થી ૪૪ વર્ષની વયના યુવાનોને રસી આપવાની ઝુંબેશ ૪થી જુન થી શરૂ કરવામાં આવી છે. ત્યારે જિલ્લાના યુવાનોમાં કોરોનાની રસી લેવા માટે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. યુવાનોએ વેક્સિનેશન અભિયાનમાં ઉમંગ સાથે જોડાયા હતા અને રસીકરણ કેન્દ્ર ખાતે વેક્સિન લેવા માટે ઉમટી પડયા હતા. યુવાનોમાં કોરોના સામે ખાસી જાગૃતિ જોવા મળી રહી છે અને વેક્સિન એ કોરોના સામેનું અમોઘ શસ્ત્ર હોય રાજય સરકારના પ્રયાસમાં યુવાનોનો સહયોગ જોવા મળી રહ્યો છે. જેમાં આરોગ્ય ટીમ દ્વારા ૧૮ થી ૪૪ વર્ષની વયના લોકોને કોરોના વેકિસનનું સુરક્ષા કવચ પ્રદાન કરવામાં આવી રહયું છે.

ત્યારે ૧૦મી જુન-૨૦૨૧ સુધીમાં લુણાવાડા તાલુકામાં ૪૦૨૮, બાલાસિનોર તાલુકામાં ૨૭૩૯, સંતરામપુર તાલુકામાં ૨૪૨૦, ખાનપુર તાલુકામાં ૧૮૨૪, કડાણા તાલુકામાં ૨૦૫૪ અને વિરપુર તાલુકામાં ૨૪૮૭ મળી જિલ્લારના કુલ ૧૫,૫૫૨ જેટલા ૧૮ થી ૪૪ વર્ષ વયના શહેરી અને ગ્રામ્યત વિસ્તારરોના નાગરિકોને કોરોના વિરોધી વેકસીનનો પ્રથમ ડોઝ આપી સુરક્ષિત કરાયા છે.

જિલ્લા કલેકટર આર. બી. બારડે જણાવ્યું કે, સાથે સાથે વેકસીન લીધા પછી પણ કાળજી એટલી જ રાખવાની છે જેમ કે, માસ્ક પહેરવું, સોશિયલ ડિસ્ટન્સ રાખવું અને જાહેર ભીડવાળી જગ્યા ઉપર જવું નહીં, સેનીટાઇઝ કરવું, જયાં-ત્યાં થુંકવુ નહીં અને ખૂબજ કાળજી રાખી આ રોગની ગંભીરતાને સમજી આપણે બધા સાથે મળી રોગને નિયંત્રણમાં લાવવા તમામ સહયોગ કરશે તેવી આશા વ્યકત કરી હતી.

# સંતરામપુરના નાનીકચાર ગામે નદીમાં નાવડી મારફતે રાજસ્થાનથી લવાતો ૪૭ હજારનો દારૂ ઝડપ્યો


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર તાલુકામાં કડાણા બંધના રીર્ઝવ વોટરના ભરાયેલ પાણી ભરેલી નદીઓમાં નદીની સામે કાંઠે રાજસથાનના ગામમાંથી પરપ્રાંતીય ઈંગ્લીશ દારૂ નાવડીઓમાં ભરી લાવીને આ દારૂ ની હેરાફેરી કરાતી હોવાની સંતરામપુર પો.ઈ.ભોઈને બાતમી મળતા તા.૧૦.૬.ના રોજ પો.ઈ.ભોઈ અને પોસઈ.રાઠોડને પોલીસ સ્ટાફે સંતરામપુર તાલુકામાં નાનીકચાર ગામે જઈને ગામના નદી કિનારે જઈને રેડ કરતા ગામ નાની કચાર નો ઈસમ નાવડું લઈને નદી કિનારે આવતા તેને પડકારતા આઈસમ તેનું નાવડું લઈને મોટીકચાર તરફ નાસવા લાગતા પોલીસે અન્ય નાવડામાં બેસીને તેનો પીછો કરતા આ ઈસમ તેનું નાવડું લઈને મોટીકચાર નદી કિનારેનાવડું મુકીને ફરાર થઈ ગયેલ ને પોલીસ દ્વારા આ નાવડામાં તપાસ કરતા નાવડા માંથી ગેરકાયદેસર રીતે પાસ પરમીટ વગર દારૂ લઈ જઈને હેરાફેરી કરાતો હોઈ આ નાવડામાં મુકેલ પરપ્રાંતીય ઈંગ્લીશ દારૂને બીયરની બોટલોને ટીનકુલ નંગ. ૨૯૫ અંદાજીત કીંમત રૂપિયા ૨૭ હજારનો મુદદામાલને મોબાઈલ નંગ.એક કિંમત રૂપિયા પાંચ હજાર નો અને નાવડું કીંમત રૂપિયા પંદર હજારનો મલી કુલ રૂપિયા ૪૭ હજારનો મુદદામાલ પોલીસે કબજે કરીને ફરાર આરોપી રમેશ મનસુખભાઈ ડામોર વિરૂધ્ધ પ્રોહીબીશન નો ગુનો દાખલ કરીને કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

આ નાવડામાં જે દારૂ લઈ જવાતો હતો. તે દારૂ ક્યાં થી લાવવામાં આવેલને આ આરોપી આ રીતે આ દારૂ કોને સપ્લાય કરતો હતો. તેના મુળ સુધી તપાસ કરીને આ ગેરકાયદેસર ધંધામાં સંડોવાયેલા મુખ્ય સુત્રધારો ને પકડશે ખરી???.

## કોઠંબાથી રાબડિયાના નવા બનેલા રસ્તાના કામમાં હલકી ગુણવત્તાને લઈ માર્ગ ઉપર ઠેર ઠેર ગાબડા

ખારોલ,
કોઠંબાથી રાબડિયાના નવા બનેલા માર્ગના બાંધકામના પ્રારંભથી તેના કામની ગુણવત વિશે ગ્રામજનોએ પ્રશ્નો ઉભા કર્યા હતા ત્યારે હાલ આ માર્ગ પર ઠેર ઠેર ખાડા પડી ગયા છે. તેમજ માર્ગ પરના નાળાઓની ખરાબ કામગીરીને લઈ તેમાં ઠેર ઠેર ગાબડા પડી જતાં ગ્રામજનોમાં રોષ ફેલાયો છે.

બાંધકામના પ્રારંભે જ કોન્ટ્રાકરનુ ધ્યાન પણ ખેંચવામાં આવ્યુ હતુ. પરંતુ કોન્ટ્રાકટરે કોઈ ધ્યાન આપ્યુ ન હતુ. નવા રોડની ટુંકગાળામાં ચોમાસા પુર્વે થયેલી દુર્દશા રોડની નબળી કામગીરીની ચાડી ખાઈ રહી છે. નબળી કામગીરી થઈ રહી હોવા છતાં પ્રત્યે અરજીઓ કરી ઉચ્ચાધિકારીઓનુ ધ્યાન પણ ગ્રામજનોએ દોર્યુ હતુ. છતાં બધુ કામ બરાબર થઈ રહ્યુ હોવાનુ વારંવાર જણાવાઈ રહ્યુ હતુ. પરિણામે આ રસ્તા પાછળ ખર્ચાયેલા સરકારના આઠથી નવ કરોડ રૂપિયા ધુળધાણી થઈ ગયા છે. નાળાઓ અને રસ્તાની કામગીરી પ્લાન-એસ્ટિમેન્ટ મુજબની નથી. લેવલિંગ કરાયુ નથી. નાળામાંથી પાણીનો નિકાલ થઈ શકતો નથી. આ સંજોગોમાં કોન્ટ્રાક્ટરને થયેલા કામની કોઈ ચુકવણી નહિ કરવા, આ રસ્તા અને નાળાની ચકાસણી વીજીલન્સ ટીમને કરવા જણાવવા ઉગ્ર માંગ કરવામાં આવી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા.૧૨-૦૬-૨૦૨૧, શનિવાર, જેઠ વદ-બીજ , સૂર્યોદય-૫-૨૨, સૂર્યાસ્ત-૭-૧૯, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : મિથુન (ક.છ.ઘ.), નક્ષત્રઃ આર્દ્રા

- શુભ ચોઘડીયા -

અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-

૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

## દૈનિક રાશીફળ

તા.૧૨.૦૬.૨૦૨૧ શનિવાર

મેષ (અ.લ.ઈ.):- વિજયની ઉજવણી તમને અત્યંત આનંદ આપશે. તમારી ખુશીનો આનંદ લેવા માટે તમે આ ખુશી તમારા મિત્રો સાથે વહેંચી શકો છો. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો.

વૃષભ(બ.વ.ઉ.):- તમારા સ્વાસ્થ્ય અંગે ચિંતા કરવાનું છોડો. બીમારી સામે તે શક્તિશાળી શસ્ત્ર છે. તમારો યોગ્ય અભિગમ અયોગ્ય અભિગમને પરાસ્ત કરશે. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે.

મિથુન(ક.છ.ઘ.):- તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. તમારી આર્થિક સ્થિતિ સુધરશે આમ છતાં નાણાખર્ચમાં વધારો તમારી યોજનાઓને પાર પાડવામાં અંતરાયો ઊભા કરશે. તમારા માતા-પિતા સાથે તમારી ખુશી વહેંચો.

કર્ક(ડ.હ.):- તમારો મજબૂત પ્રતિકાર તથા નિર્ભયતા તમારા માનસિક સાર્મથ્યમાં જબરજસ્ત વધારો કરશે. આ ગતિને જાળવી રાખો જેથી તે તમને ગમે તે પરિસ્થિતિને અંકુશમાં રાખવા નો ઉત્સાહ પૂરો પાડશે. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે.

સિંહ(મ.ટ.):- ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. આજે તમારે ફિજૂલખર્ચી કરવાથી પોતાને રોકવું જોઈએ નહીંતર જરૂરત ની સમયે તમારી પાસે પૈસા ની અછત હોઈ શકે છે. આજે પૈસા અંગે પરિવાર ના સભ્યો માં બોલાચાલી થઈ શકે છે.

કન્યા(પ.ઠ.ણ.):- તમારા આહારની યોગ્ય તકેદારી રાખવી ખાસ કરીને માઈગ્રેનના દરદીઓએ જેમણે તેમનું ભોજન મિસ ન કરવું જોઈએ કેમ કે એવું કરવાથી તેમના પર લાગણી સંબંધિત તાણ બિનજરૂરી રીતે આવી શકે છે. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું.

તુલા(ર.ત.):- ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. તમારા જીવનસાથીની તબિયત ચિંતા કરાવી શકે છે.

વૃશ્ચિક(ન.ય.):- ખૂલ્લામાં રાખેલું ખાણું ખાતી વખતે ખાસ કરીને તકેદારી રાખવી. પણ બિનજરૂરી તાણ ન લેતા કેમ કે તેનાથી તમારા ટૅન્શનમાં ઓર વધારો થશે. આજે તમારે જમીન, રિયલ એસ્ટેટ અથવા સાંસ્કૃતિક પ્રૉજેક્ટ્સને લગતી બાબતો પર ધ્યાન આપવું જોઈએ.

ધન(ભ.ધ.ફ.ઢ.):- તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. તમને મારી સલાહ છે કે દારૂ સિગારેટ જેવી વસ્તુ પર પૈસા ખર્ચ ન કરો, આમ કરવા થી તમારું સ્વાસ્થ્ય તો બગડે જ છે, તે તમારી આર્થિક સ્થિતિ ને પણ ખરાબ કરે છે.

મકર(ખ.જ.):- તમારો ખુશમિજાજ સ્વભાવ અન્યોને ખુશ રાખશે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. તમારા બાળકના એવોર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે.

કુંભ(ગ.શ.સ.):- જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે નાની અથવા મામા તમારી આર્થિક મદદ કરે. વિદેશમાં વસતા સંબંધી તરફથી મળેલી ભેટ તમને આનંદિત કરશે.

મીન(દ.ચ.ઝ.):- કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ખર્ચમાં વધારાને કારણે બચત કરવામાં તમને મુશ્કેલી પડશે.

## ગોધરા શહેર કોંચિંગ સંચાલકોએ તેઓના કોચિંગ ક્લાસિસને વેરામાંથી મુક્તિ અપાવવા ગોધરા નગરપાલિકાના મુખ્ય અધિકારીને લેખિત રજૂઆત કરી



ગોધરા,
એકેડેમિક એસોસિયેશન ઑફ પંચમહાલના બેનર હેઠળ સંગઠનના પ્રમુખ પલ્લવ દેસાઈ, ઉપપ્રમુખ હિતેશ મિસ્ત્રી, મંત્રી નિતેશ ગંગારામાણી, કોર કમિટી સદસ્ય તુષાર શાહ સહિતના કોચિંગ ટયુશન અને કોચિંગ કલાસના સંચાલકોએ આજરોજ ગોધરા નગરપાલિકા મુખ્ય અધિકારી સંજય પટેલ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી.

રજુઆતમાં સંગઠનના પ્રમુખ પલ્લવભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા કોરોના મહામારીના કારણે સૌપ્રથમ વખત ગત વર્ષની ૨૪ માર્ચથી લોકડાઉન અમલી કરાયું. ત્યારથી અત્યાર સુધી કોચિંગ તથા ટયુશન કલાસ ઓફલાઈન તો બંધ જ છે. લગભગ છેલ્લા ૧૫ માસથી આ ક્ષેત્ર સાથે સંકળાયેલા તમામ શિક્ષકો તથા તેના પર નિર્ભર અન્ય લોકોની આર્થિક સ્થિતિ ખૂબ જ કથળી જવા પામી છે.જેથી આ તમામ સ્વરોજગાર પડી ભાંગ્યા છે, ઉપરાંત હવે તો ભાડું, મિલ્કતવેરો સહિતના સ્થિર ખર્ચ પણ ચૂકવવા માટે લોન લેવી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. જેથી હોટલ, રેસ્ટોરન્ટ, રિસોર્ટ વગેરેની જેમ અમને પણ મિલ્કતવેરામાંથી મુક્તિ આપવામાં આવે તેવી લાગણી અને માંગણી કરી હતી.

## પંચમહાલ જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને પ્રાણી અત્યાચાર નિવારણ સમિતીની કારોબારી સભાની બેઠક યોજાઈ


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,
પંચમહાલ જિલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સમિતી (એસપીસીએ) ની કારોબારી સભાની બેઠક જિલ્લા કલેકટર અમિત અરોરાના અધ્યક્ષસ્થાને સેવાસદન-૧ ખાતે યોજાઈ હતી. બેઠકમાં પશુઓના નિભાવ માટે જીવકલ્યાણ પાંજરાપોળ ટ્રસ્ટ, ગોધરાને કરવાના થતા ચૂકવણા, પેટ શોપના રજિસ્ટ્રેશન માટે સંબંધિત અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી. નગરપાલિકા વિસ્તારોમાં (૧ લાખથી વધુ વસ્તી ધરાવતા) પાંચથી વધારે પશુઓ ધરાવતા પ્રિમાઈસીસનું રજિસ્ટ્રેશન કરવાની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા કલેક્ટરએ સૂચના આપી હતી. જેથી ગેરકાયદેસર રીતે કતલ માટે પશુઓ ગોંધી રાખવા સહિતની પ્રવૃતિઓની ઓળખ અને કાર્યવાહી સરળ અને ઝડપી બને. બેઠકમાં જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી તેમજ નાયબ વન સંરક્ષકએ સમિતી અંતર્ગત કરવાની થતી કામગીરીની વિગતો મેળવી સમીક્ષા કરી હતી અને ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. બેઠકમાં સમિતીના સભ્ય સચિવ નાયબ પશુપાલન નિયામક, જીવકલ્યાણ પાંજરાપોળના પ્રમુખ, મંત્રી, મેનેજર મદદનીશ પશુપાલન નિયામક, સમિતીના વિવિધ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.


## શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીનો દ્વિતીય પદવીદાન સમારોહ ઓનલાઈન માધ્યમથી યોજાયો

ગોધરા,
ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીનો દ્વિતીય પદવીદાન સમારોહ ઓનલાઈન માધ્યમથી યોજાયો હતો. કાર્યક્રમના અદયક્ષ શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ વિદ્યાર્થીઓને આ પ્રસંગે શુભેચ્છાઓ આપી સમાજ પ્રત્યેની તેમની જવાબદારીઓ અંગે પ્રેરણાત્મક માર્ગદર્શન આપ્યું હતું. નેક તથા યુ.જી.સી. ના પૂર્વ ચેરમેન પ્રો. વી. એસ. ચૌહાણ કી-નોટ સ્પીકર તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ પદવી મેળવનાર તમામ વિદ્યાર્થીઓને કારકિર્દી અને જીવન વિશે ઉપયોગી માર્ગદર્શન અને પ્રેરણા પૂરા પાડ્યા હતા. પ્રો. પ્રતાપસિંહ ચૌહાણ, માન. કુલપતિ ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી દ્વારા પદવી માટેના પ્રસ્તાવોને અનુમોદન આપી પદવી માટે ઈચ્છા વ્યકત કરનાર વિદ્યાર્થીઓને ઉજ્જ્વળ કારકિર્દી માટે યુનિવર્સિટીના બોર્ડ ઓફ ગવર્નર્સ, એક્ઝીક્યુટીવ કાઉન્સિલ અને એકેડેમિક ફાઉન્સિલના સર્વે સભ્યઓ, સંલગ્ન કોલેજોના આચાર્યઓ વતી શુભેચ્છાઓ પાઠવી હતી.જુદી-જુદી વિદ્યાશાખાના કુલ ૨૨૦૦૦ વિદ્યાર્થીઓ પૈકી પદવી માટે આવેદન કરનાર ૧૩૦૯૭ વિદ્યાર્થીઓને પદવી અને કુલ ૩૮ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ પ્રદાન કરવામાં આવેલ હતા.કાર્યક્રમનું સંચાલન ડો. મહેશ મહેતા, આચાર્ય, આર્ટસ કોલેજ, મુનપુર દ્વારા કરવામાં આવેલ હતું અને આભારવિધિ ડો. મુકેશ પટેલ, કા.કુલસચિવ દ્વારા કરવામાં આવેલ હતું. આ ઓનલાઈન પદવીદાન સમારોહનું યુનિવર્સિટીની વેબસાઈટ, ફેસબુક પેજ અને યુ-ટ્યુબ ચેનલ પરથી લાઈવ પ્રસારણ કરવામાં આવેલ હતું જેનો લાભ લેનારની સંખ્યા ૨૫૦૦૦ થી વધુ હતી.

ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીની સ્થાપના ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૫ માં ગુજરાત એક્ટ નંબર ૨૪/૨૦૧૫ થી કરવામાં આવેલ છે. હાલમાં આ યુનિવર્સિટી સાથે મધ્ય ગુજરાતના પંચમહાલ, દાહોદ, મહીસાગર, વડોદરા અને છોટાઉદેપુર એવા પાંચ જીલ્લાની કુલ ૧૭૧ ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ કાર્યરત છે જેમાં કુલ અંદાજીત ૧,૦૭,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે.


## સૌરાષ્ટ્રને મોટી ભેટ, રાજકોટમાં બનશે અમૂલનો દૈનિક ૩૦ લાખ લિટર ક્ષમતાનો પ્લાન્ટ

રાજકોટ,
સૌરાષ્ટ્ર કચ્છને આગામી સમયમાં મોટી ભેટ મળવા જઈ રહી છે. દુનિયાના ડેરી બિઝનેસમાં પોતાનો અને સાથે સાથે ગુજરાતનો ડંકો વગાડનારી અમૂલ રાજકોટમાં પોતાનો ડેરી પ્લાન્ટ સ્થાપશે. આ માટે રાજકોટ જિલ્લા તંત્ર દ્વારા ડેરીના પ્લાન્ટ માટે જામનગર રોડ તરફ આવેલા આનંદપરા ગામમાં ૧૦૦ એકર જમીન પસંદ કરવામાં આવી છે. આ જગ્યાને અમૂલ બ્રાન્ડનું પ્રોડકશન કરતી ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનને પ્લાન્ટ સેટ અપ કરવ માટે ટોકન ભાવે આપવામાં આવશે. આ પ્લાન્ટ સ્થાપવાનો નિર્ણય જીસીએમએમએફ દ્વારા સપ્ટેમ્બર ૨૦૨૦માં પોતાની બોર્ડ મિટિંગમાં લેવામાં આવ્યો હતો. ડેરી દ્વારા પ્લાન્ટ સ્થાપવા માટે સરકાર પાસે જમીન ટોકન દરે આપવા માટે માગણી કરવામાં આવી હતી. રાજકોટમાં બનનારો પ્લાન્ટ ગાંધીનગરમાં બની રહેલા તેના સૌથી મોટા ૫૦ લાખ લીટર ડેઈલી કેપેસિટી ધરાવતા પ્લાન્ટ પછી બીજા નંબરનો પ્લાન્ટ બની શકે છે. ફેડરેશન આ માટે રુ. ૨૦૦ કરોડના ખર્ચે પ્રતિ દિવસ ૩૦ લાખ લિટર દૂધના પ્રોસેસિંગની કેપેસિટી ધરાવતો પ્લાન્ટ સ્થાપવા માગે છે. જેનાથી રાજકોટ, સૌરાષ્ટ્ર અને કચ્છના દુધ ઉત્પાદકોને સીધો ફાયદો થશે. રાજકોટના જિલ્લા કલેક્ટર રેમ્યા મોહને કહ્યું કે 'અમે ફેડરેશનને આપવા માટેની જમીનની ઓળખ કરી લીધી છે. જે રાજકોટ અમદાવાદ હાઈવે પર શહેરના બહારના વિસ્તારમાં આનંદપર-નવાગામ વિસ્તારમાં છે. જો આ જગ્યાએ દૂધ પ્રોસેસિંગ પ્લાન્ટ બનાવવામાં આવશે તો તેનાથી સમગ્ર સૌરાષ્ટ્ર અને કચ્છના પશુપાલકો અને દૂધ ઉત્પાદકો માટે ખૂબ સારા સમાચાર બની રહેશે.


તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

ગોધરા શહેર નજીક આવેલા હમીરપુર ગામે એક પ્લાસ્ટિકના ગોડાઉનમાં પ્લાસ્ટિકના સ્ક્રેપમાં ભીષણ આગ લાગી હતી. આગના બનાવ ની જાણ ગોધરા ફાયર બ્રિગેડ ને થતા ફાયર બ્રિગેડ દ્વારા તાત્કાલિક અસરથી પાણીનો મારો કરી આગ ને કાબુમાં લીધી હતી. આ આગના બનાવમાં વેપારીને લાખો રૂપિયાનું નુકશાન થયું હોવાનું માલુમ પડ્યું છે.

## પાવાગઢ યાત્રાધામમાં બિરાજમાન મહાકાળી માં ના દર્શન શરૂ થતાં ભકતોમાં અનેરો આનંદ


તસ્વીર : નીલેશ જોષી, પાવાગઢ

પાવાગઢ,
પાવાગઢ યાત્રાધામમાં દશેનાથીઓએ માં મહાકાળી માતાજીના દર્શન કરી કોરોના મહામારી જેવી વૈશ્વિક મહામારીથી સૌ દેશવાસીઓને રક્ષણ મળે તેવી પ્રાર્થના કરી માતાજીના દર્શનનો અનેરો આનંદ ભક્તોમાં જોવાં મળ્યો હતો. કોરોના મહામારીમાં છેલ્લા ઘણાં સમયથી માતાજીના દર્શન નિજ દ્વાર બંધ રહેતા શ્રદ્ધાળુઓ, ધંધાદારીઓમાં નિરાશા જોવા મળી રહી હતી. જે પાવાગઢ મંદિર દર્શનાર્થીઓ માટે ખુલ્લું મુકાતાં ભાવિભકતોએ દર્શનનો લાવો લીધો હતો. કોરોના મહામારીના સમયમાં બંધ રાખવામાં આવતાં માતાજીના દર્શન શરૂ થતાં વડોદરા, સુરત, અમદાવાદ જેવા શહેરમાંથી પણ ભાવિભકતો એ પણ દર્શનનો લાવો લીધો હતો.

# દાહોદ LCB પોલીસે અભલોડ ગામેથી દેશી હાથ બનાવટની માઉઝર (પિસ્ટલ) તથા એક જીવતા કાર્ટીઝ સાથે એક યુવકને ઝડપી પાડ્યા


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
દાહોદ એલસીબી પોલીસે ગરબાડા તાલુકાના અભલોડ ગામના વરજાંગીયા ફળીયામાં રોડ ઉપરથી ગેરકાયદેસર દેશી હાથ બનાવટના હથિયાર માઉઝર (પિસ્ટલ) તથા જીવતો કાર્ટીઝ મળી કુલ કિ.રૂ.૧૫,૫૫૦/– ના મુદ્દામાલ સાથે એક યુવકને ઝડપી પાડી તેના વિરૂદ્ધ જેસાવાડા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવેલ છે.

પ્રાપ્ત વિગત અનુસાર, દાહોદના ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક શૈફાલી બારવાલની સુચના અને માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. પોલીસ ઈન્સ્પેકટર બી.ડી.શાહ તેમજ પો.સ.ઈ. પી.એમ.મકવાણા તથા પો.સ.ઈ. એમ.એમ.માળી તથા એલ.સી.બી.સ્ટાફની ટીમ સાથે અગાઉ ગેરકાયદેસર હથિયારના ગુનામાં ઝડપાયેલ ગેંગના સાગરીતો ઉપર વોચ ગોઠવી તેઓની ગતિવિધી ઉપર માહિતી મેળવવા માટે સતત કાર્યરત હતા.

આજરોજ પો.ઈન્સ. બી.ડી.શાહ, એલ.સી.બી.નાઓની સુચના મુજબ પો.સ.ઈ. એમ.એમ.માળી તથા સ્ટાફના માણસો સાથે જેસાવાડા પે.સ્ટે. વિસ્તારના અગાઉ હથિયારના કેસમાં સંડોવાયેલ ઈસમોની હિલચાલની માહિતી એકત્રિત કરવાની કામગીરીમાં નીકળેલ હતા. તે દરમ્યાન તેઓને બાતમી હકિકત મળેલ કે, અભલોડ ગામે વરજાંગીયા ફળીયા, પાટાડુંગરી જતા રોડ ઉપર એક ઈસમ જેને શરીરે બ્રાઉન કલરની ટીશર્ટ તથા કમરે કાળા કલરનું પેન્ટ પહેરેલ છે જેને કમરમાં એક દેશીહાથ બનાવટનું હથિયાર સંતાડી વેચવા જવાની ફિરાકમાં આવનાર છે. જે બાતમીના આધારે પોલીસે બાતમીવાળી જગ્યાએ વ્યુહાત્મક રીતે આયોજનબધ્ધ વોચ ગોઠવી છરછોડા ગામના ધવલકુમાર રમણભાઈ જાતે ખપેડને દેશી હાથ બનાવટની માઉઝર (પિસ્ટલ) તથા જીવતો કાર્ટીઝ સાથે ઝડપી પાડી તેની વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી જેસાવાડા પોલીસ સ્ટેશન હથિયાર ધારા હેઠળ ગુનો રજીસ્ટર કરાવેલ છે.

આમ, જેસાવાડા પોલીસ સ્ટેશન વિસ્તારના અભલોડ ગામે વરજાંગીયા ફળીયામાં રોડ ઉપરથી ગેરકાયદેસર દેશી હાથ બનાવટના હથિયાર માઉઝર (પિસ્ટલ) તથા જીવતો કાર્ટીઝ મળી કુલ કિ.રૂ.૧૫,૫૫૦/– ના મુદ્દામાલ સાથે એક ઈસમને ઝડપી પાડી હથિયારનો કેસ શોધી કાઢવામા દાહોદ લોકલ ક્રાઈમ બ્રાન્ચને સફળતા મળેલ છે.

# સંજેલીમાં વહીવટી તંત્ર દ્વારા કોરોના રસીકરણ માટે દુકાને દુકાને ફરી લોકોને સમજાવ્યા


તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી,
સંજેલી તાલુકાના રસીકરણ વ્યાપમાં વધારો થાય તે માટે સંજેલી વહીવટી તંત્રએ દુકાનેદુકાને ફરી અનોખી પહેલ હાથ ધરી હતી. વેપારીઓ, ગ્રાહકો, ગ્રામજનોમાં રસીકરણ પ્રત્યે જાગૃતિ વધે તેવા હેતુથી સ્નેહભર સંવાદ કરી રસી વિશે જાગૃક કર્યા હતા. બપોરની પરોઢે સંજેલીના બજારોમાં મામલતદાર, TDO,THO, સહિત સ્ટાફ નીકળ્યા હતા. ડોર ટુ ડોર દુકાને ફરી વેપારીઓ, તેમને ત્યાં કામ કરતા કામદારોને કોરોનાથી રક્ષણ મેળવવા રસી માટે સમજાવ્યા હતા. સંજેલી તાલુકામાં ૫૬ ગામો આવેલા છે. અંતરિયાળ વિસ્તાર ફેલાયેલ તાલુકો છે. ડુંગરોની તળેટીમાં વસેલો તાલુકો છે. જેના અનુસંધાને તાલુકા 5 PHC કેન્દ્રો ૧ CHC કેન્દ્ર આરોગ્ય કર્મીઓ દ્વારા સતત પ્રજાની વચ્ચે કનેક્ટ રહીને કોરોમાં વેકસીન તેમજ કોરોનાથી બચવાના ઉપાયો સમજાવી કોરોના વાયરસ વિશે જાગૃક કરવા માટે મહત્વનું રોલ નિભાવ્યો હતો.

સંજેલી તાલુકાના વહીવટી તંત્ર દ્વારા કોરોના વેકસીન વિશે પ્રજામાં સ્થાન ગ્રહણ કરનાર ગેરમાન્યતાઓ, ભ્રમ, દૂર કરવાના ભાગરૂપે કોરોના વિશે જાગરૂકતા જોતરાય ગયા હતા અને ભ્રમ,ગેરમાન્યતાઓ, દૂર કરી પ્રજાને વેકસીન તરફ પેરિત કરવામાં મહત્વનો કિરદાર નિભાવ્યો હતો જેના ઉપક્રમે 5-PHC કેન્દ્ર,1-CHC કેન્દ્રમાં વેકસીનના ડોઝ આપવામાં આવે છે.

સંજેલી તાલુકામાં ૫૬ ગામનો સમાવેશ થાય છે. મોટા ભાગનો જંગલ અને ડુંગરાળ વિસ્તાર આવેલો છે. તેને ધ્યાને લઈને તંત્ર દ્વારા પણ પાંચ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર એક સામુહિક આરોગ્ય કેન્દ્રો પર રસીકરણ અભિયાન અંતર્ગત વેક્સિનેશન ડોઝ આપવાનું શરૂ કરવામાં આવેલ છે.

તાલુકામાં ૧૮ થી ૪૪ વર્ષનાર૯ હજાર જેટલા મતદારો નોંધાયેલા છે, પરંતુ ગ્રામ્ય વિસ્તારમાં ગેરમાન્યતાઓ, અફવાઓએ અડ્ડો જમાવતા લોકો વેકસીન લેવા પીછેહટ કરી રહ્યા છે.

જ્યારે તાલુકાના જાગૃત લોકો છેક રાજસ્થાનથી ૧૦૦ કિમીનો ધક્કો સમય અને રૂપિયાનો બગાડ કરીને વેક્સિનનો ડોઝ માટે આવતા હોય છે. જેથી આવી ખોટી અફવાઓ,ગેરમાન્યતાઓથી દૂર રહી સ્વયં વહેલીતકે વેક્સિનેશનના ડોઝ લેવા માટે અનાજ,કરિયાણા, ચપ્પલ, કાપડના વેપારીઓ સહિત ફ્રુટના વેપારીઓ, શાકભાજી નાના મોટા દુકાનદારો વેપારીઓ, પ્રજાને, ઝડપથી વેકસીનેશનના ડોઝ લેવા માટે સંજેલી મામલતદાર પી. આઈ. પટેલ, તાલુકા વિકાસ અધિકારી હરેશ મકવાણા, બ્લોક હેલ્થ ઓફિસર એમ. એન. આલમ, મહેસૂલી મામલતદાર બી.એસ સોલંકી પુરવઠા મામલતદાર સુજલ ચૌધરી હેલ્થ કલાર્ક આર.આર.સંગાડાની ટીમે સ્ટાફ સાથે રસીકરણ માટે અભિયાન હાથ ધર્યું હતું.

# દાહોદ જીલ્લામાં કોરોના કેસમાં ઘટાડો થયો ત્રીજા દિવસે એકપણ નવો કેસ નોંધાયો નથી

દાહોદ,
દાહોદ જિલ્લામાં કોરોનાની બીજી લહેરના પ્રારંભ સાથે અને હવે ધીમે ધીમે કોરોના સંક્રમણના કેસોમાં ઘટાડો થતાં કોરોનાની બીજી લહેરમાં આજે સતત ત્રીજા દિવસે જિલ્લામાં કોરોનાનો આંક શુન્ય આવ્યો છે. ટુંક સમયમાં દાહોદ જિલ્લો કોરોના મુક્ત થવાની રાહે જઈ રહ્યો છે.

આર.ટી.પી.સી.આર.ના ૧૭૭૫ અને રેપીટ ટેસ્ટના ૪૪૩ મળી આજે એકે પણ કોરોના પોઝીટીવ કેસ નોંધાયો નથી. દાહોદ જિલ્લામાં મે માસના વચગાળા દરમ્યાનથી કોરોનાના કેસોમાં ધરખમ ઘટાડો જોવા મળી રહ્યો છે. કોરોનાના ઘટતાં કેસોને પગલે આરોગ્ય તંત્ર સમેત જિલ્લાવાસીઓએ રાહત અનુભવી છે. કોરોનાથી આજે એકપણ દર્દીનું મોત થયું ન હતું. આજે વધુ ૦૯ દર્દીઓ કોરોનાથી સાજા થતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં હતી. એક્ટીવ કેસની સંખ્યામાં ૧૯ રહેવા પામી છે. દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૭૧૦૭ને પાર થઈ ગયો છે.

# દે. બારીયા તાલુકાના મીડિયા કર્મી એ વેક્સીન નો ડોઝ નહીં લેવા છતાંપણ બીજા ડોઝ માટે મોબાઈલ મસેજ

દે.બારીયા,
દેવગઢબારીયા તાલુકામાં દૈનિક ન્યૂઝ પેપરમાં કામગીરી કરતા પત્રકારનાં મોબાઈલ નંબર ઉપર વેક્સીનનો બીજો ડોઝ લેવા માટે મેસેજ આવી રહ્યા છે.

દેવગઢબારીયા તાલુકા મથકે દૈનિક ન્યૂઝ પેપર નાં પત્રકાર અને વર્ષોથી વ્યવસાયે ફોટોગ્રાફર એવા એક પત્રકાર કે, જેને વર્ષ ૨૦૧૮ માં હાર્ટ ની તકલીફ હોય અમદાવાદ ખાતે ની યુ એન મહેતા હોસ્પિટલ માં એન્જીયોગ્રાફી કરવામાં આવી હતી. જે પછી ડોકટરો એ આ ભાઈ ને કોઈપણ દવાગોળી લેવા ઉપર ડોકટર ને બતાવ્યા સિવાય પ્રતિબંધ કર્યો હતો.અને ગયા વર્ષથી ગુજરાત રાજયમાં કોરોના જેવો મહારોગ ગામડા સુધી આવી જતા કેટલાય લોકો મોત ને ભેટયા અને કેટલાય લોકો દવાખાના માં દવા કરાવી સારા થયા. ઘણા બધા ડોક્ટર અને વિજ્ઞાનીકો આ મહારોગ ની દવા નું સંશોધન કરવા માં અસમર્થ રહ્યા અને છેવટે કોરોનાની રસીનું સંશોધન ગુજરાત રાજયમાં થયું. જેને સરકારે મંજૂરી પણ આપી અને આજે આ રસી ભારત દેશ સહીત બીજા દેશોમાં પણ મોકલવામાં આવી રહી છે.

કોરોના ની રસી ઘણા લોકો એ લીધી અને મોબાઈલ માં મેસેજ આવ્યા પણ દેવગઢબારીયા નાં મીડિયા કર્મી પોતે હાર્ટનાં દર્દી હોય રસી લીધી જ નથી તો પછી તંત્ર દ્વવારા બીજા ડોઝ માટે મોબાઈલ મેસેજ કંઈ રીતે આવી શકે છે. જે વિચારવા જેવી બાબત છે. આરોગ્ય તંત્ર ની આ એક ઘોર બેદરકારી નો નમૂનો સ્પષ્ટ રીતે જોઈ અને જાણી શકાય છે કે આરોગ્ય તંત્ર લોલમલોલ અને રેઢિયાળ વહીવટ કરી રહ્યું છે.

આમ આરોગ્ય વિભાગ નાં આવા લચ્છામારૂ છબરડા ઉપર તંત્ર ધ્યાન દોરશે કે કેમ તે હવે ઉપરી અધિકારીઓંનાં હાથની વાત છે.

# દાહોદ જીલ્લા અને શહેરમાં ૫૮ દિવસ બાદ મંદિરો ખુલતાં ભકતોમાં આનંદ

દાહોદ,
ગુજરાતમાં ૫૮ દિવસો પછી આજે એટલે કે, તારીખ ૧૧મી જુનથી મંદિરો દર્શન માટે ખોલવામાં આવી રહ્યાં છે. ત્યારે દાહોદ શહેર સહિત જિલ્લાના મંદિરોની પણ વાત કરીએ તો તમામ મંદિરો પુનઃ ખોલવાની તૈયારીઓ આરંભ કરાતાં શ્રધ્ધાળુઓમાં આનંદ ફેલાયો છે. મંદિરોમાં સાફ સફાઈ સહિત તમામ તૈયારીઓ હાલ પુરજોશમાં ચાલી રહી છે. ત્યારે કોરોના મહામારીને પગલે ઘણા લાંબા સમયથી બંધ પડેલા મંદિરો ફરી ખુલતાં લોકો મંદિરોમાં ભગવાનની જે પુજાથી વંચિત રહ્યાં હતાં તે હવે પુનઃ ભગવાનની આરાધનામાં જોડાશે. આ સાથે જીમ, બાગ, બગીચા ખોલવાની પણ મંજુરી મળતાં સરકારની ગાઈડ લાઈન અનુસાર, આ તમામ સ્થળો ખુલનાર હોવાથી લોકોમાં આનંદ જોવા મળી રહ્યો છે.

ગુજરાત રાજયમાં ગત માર્ચ – એપ્રિલ મહિનામાં કોરોનાનું સંક્રમણ ખુબજ તેજ ગતિથી વધી રહ્યું હોઈ સરકાર દ્વારા મીની લોકડાઉન લાગુ કરવામાં આવ્યું હતું. જે દરમ્યાન રાજ્યના તમામ નાના – મોટા ધાર્મિક સ્થાનો બંધ કરવાની પણ ગાઈડલાઈન બહાર પાડી હતી. જેના અનુસંધાને દાહોદ શહેર સહિત જિલ્લાના ઘણા મંદિરો છેલ્લા બે માસથી બંધ હતાં. બે મહિના બાદ કોરોના સંક્રમણ મંદ પડતા હવે રાજ્ય સરકાર દ્વારા મંદિર સહિતના ધાર્મિસ્થાનો, જીમ, બાગ, બગીચા વિગેરે ખોલવાની મંજુરી આપવામાં આવી છે. સતત ૫૮ દિવસ સુધી મંદિર બંધ રહ્યાં બાદ આજતી મંદિર ખુલવાનું હોઈ શ્રધ્ધાળુઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. બીજી તરફ મંદિરો ખુલવાના સમાચાર મળતાં વેપારીઓએ પણ રાહતનો શ્વાસ લીધો છે. આ સાથે જીમ, થીએટર, બાગ, બગીચા વિગેરે પણ સરકારી ગાઈડ લાઈન અનુસાર ખુલનાર છે અને સરકારી કોરોના ગાઈડ લાઈનનું સંપુર્ણપણે પાલન કરવાનું રહેશે. મંદિરમાં દિવસ દરમ્યાન થતી મંગળા સહિતની આરતીના દર્શન કરવાનું વિશેષ મહત્વ હોવાથી મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ ઉમટી પડતાં હોય છે. ત્યારે ગાઈડલાઈનને ધ્યાનમાં રાખી આરતીના સમયે ભક્તોના પ્રવેશ અપાશે નહીં. આ ઉપરાંત મંદિરમાં ૫૦ શ્રધ્ધાળુઓ દર્શન કરી રહ્યાં બાદ અન્ય ૫૦ને પ્રવેશ આપવામાં આવશે તેજ પ્રમાણે જીમ, થીએટર, બાગ, બગીચામાં પણ ભીડભાડ ન થાય અને સોશીયલ ડિસ્ટન્સનું પાલન થાય તે પ્રમાણે પ્રવેશ આપવામાં આવશે અને તમામ તકેદારીને ધ્યાનમાં રાખી ખોલવામાં આવનાર છે.

# રેલવે કારખાના નજીક કપલિંગમાંથી છૂટી પડેલી ગુડ્સ ટ્રેનની બોગી રિવર્સમાં આવી ઓટો રિક્ષાને ઢસડી ગઈ : એક વ્યક્તિ ઈજાગ્રસ્ત



દાહોદ,
દાહોદ શહેરમાં રેલવે વર્કશોપ સી સાઈટ નજીક ૩૨ ક્વાર્ટર જવાના રસ્તે રેલવે ક્રોસિંગ પર રેલવે સ્ટેશન લઈ જવાતી ગુડ્સ ટ્રેનની ત્રણ બોગીમાંથી એક બોગી કાપલિંગમાંથી છુટ્ટી પડયા બાદ પાટા ક્રોસ કરતી રીક્ષાને અડફેટે લેતા ઓટો રીક્ષા આશરે ૪૦ ફૂટ સુધી ઘસડાઈ હતી. કારખાનામાંથી એન્જીનથી જોડીને ત્રણ બોગીને રિવર્સમાં લાવવા દરમિયાન આ ઘટના બની હતી. જોકે સદ્ભાગ્યે કોઈ જાનહાની થઈ ન હતી. રિક્ષાના ચાલકને સામાન્ય ઈજાઓ થઈ હતી.ઘટના બાદ તાબડતોડ દોડી આવેલા આરપીએફ સ્ટાફે વધુ તપાસ આદરી હતી.

૫ દાહોદ શહેરના રેલવે વર્કશોપમાં ઈલેક્ટ્રિક એન્જીન,મેમુ ટ્રેન અને ગુડ્સ તેમજ પેસેન્જર ટ્રેનના કોચના નવીનીકરણની સાથે રીપેરીંગ કામ માટે લાવવામાં આવે છે. આજરોજ કારખાનામાં બહારથી રીપેરીંગ માટે આવેલી ગુડ્સ ટ્રેનની ત્રણ બોગીનું કામ પૂર્ણ થતાં તેને બહાર મોકલવા માટે એન્જીન સાથે જોડીને આ ત્રણે બોગી ધીમી ગતિએ રિવર્સમાં રેલવે સ્ટેશન તરફ મોકલવામાં આવી રહી હતી. તે સમયે સી સાઈડ નજીક બત્રીસ ક્વાર્ટર જવાના રસ્તે રેલવે ક્રોસિંગ ઉપર ગુડ્સ ટ્રેનની આવતી હોવાનું ધ્યાન ચુકી ગયેલો ચાલક પોતાની રિક્ષા ત્યાંથી કાઢી રહ્યો હતો. તે વખતે જ ટ્રેન સાથે જોડાયેલી છેલ્લી બોગી ઓચિંતી કપલિંગમાંથી છુટ્ટી પડી ગઈ હતી. ટ્રેક પર ઢાળ હોવાથી બોગીએ ઝડપ પકડી લેતા રીક્ષા તેની અડફેટમાં આવી ગઈ હતી. રિક્ષાને ઢસડી જઈ આશરે ૪૦ ફૂટ દૂર જઈને બોગી રોકાઈ હતી. આ અકસ્માતમાં સદભાગ્યે રીક્ષા ચાલક સમયસૂચકતા વાપરી નીકળી જતા તેનો બચાવ થયો હતો. તેને સામાન્ય ઈજા થઈ હોવાનું જાણવા મળ્યુ છે. આ બનાવની જાણ થતાં રેલવવા સુરક્ષા બળનો કાફલો તાબડતોડ દોડી આવ્યો હતો.ઘટના બનતા એન્જીન સાથે જોડાયેલી બંને બોગી ફરીથી વર્કશોપમાં લઈ જવાઈ હોવાનું જાણવા મળ્યુ છે.

# ધાનપુર તાલુકાના નરેગાના કામોમાં છેલ્લા એક મહિનાથી જોબકાર્ડ આધારિત લાભાર્થીઓને ચુકવણુ નહિ થતાં શ્રમજીવીઓ મુશ્કેલીમાં

ધાનપુર,
ધાનપુર તાલુકામાં નરેગા યોજના હેઠળ ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને રોજગારી પુરી પાડવા માટે નરેગા યોજના હેઠળ વિવિધ કામો કરવામાં આવી રહ્યા હતા ત્યારે છેલ્લા એક મહિનાથી મજુરોના જોબકાર્ડ આધારિત ચુકવણુ નહિ થતાં લાભાર્થીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકામાં હાલમાં ચાલી રહેલા કોરોના વાયરસને લઈને લોકોને પોતાના પરિવારનુ ભરણ પોષણ કરવા માટે મુશ્કેલી પડી રહી છે. ત્યારે ધાનપુર તાલુકામાં મોટાભાગના ગ્રામ્ય વિસ્તારોમાં લોકો પોતાના પરિવારનુ ગુજરાન ચલાવવા માટે લોકો જિલ્લાઓમાં મજુરી કામ કરવા જતા હોય છે. પરંતુ કોરોના મહામારીના કારણે કેટલાંક લોકો પોતાને વતનમાં પરત ફર્યા હતા. તેવા લોકો પોતાના કુટુંબના જોબકાર્ડ આધારિત કામ કરી રહ્યા હતા ત્યારે છેલ્લા એક મહિનાથી મજુરોના ખાતામાં ચુકવણુ નહિ થતાં લાભાર્થીઓને મુશ્કેલી ઉભી થઈ રહી છે. નરેગા યોજના હેઠળ ફરજ બજાવતા જી.આર.એસ.તરીકે ફરજ બજાવતા નાના કર્મચારીઓને પણ છેલ્લા ત્રણ મહિનાથી પગારથી વંચિત કર્મચારીઓ અને લાભાર્થીઓ મજુરોને પોતાના પગારથી વંચિત રહેતા વલખા મારવા પડે છે. ત્યારે ધાનપુર તાલુકામાં નરેગા યોજનામાં વહેલી તકે સરકાર દ્વારા ચુકવણુ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી હતી.

# સંજેલીના હોળી ફળિયા સામૂહિક રસ્તા પર થયેલા દબાણ દુર કરવા તાલુકા વિકાસ અધિકારીને રજૂઆત

સંજેલી,
સંજેલી ખાતે આવેલ હોળી ફળિયા વિસ્તારમાં ફળિયામાંથી પસાર થતા માર્ગ પર જ મકાન બનાવી દેતા સ્થાનિકો અને ખેડુતોને ખેતરમાં અવરજવર કરતાં વાહનોને મુશ્કેલીને લઈ તાલુકા વિકાસ અધિકારીને આઠમીને મંગળવારના રોજ દબાણ દુર કરવા ખેડૂત પુત્ર મહેન્દ્ર ચારેલ દ્વારા લેખિત રજુઆત.

સંજેલી ઝાલોદ રોડ પર આવેલા હોળી ફળિયા વિસ્તારમાં રહેણાંક વિસ્તારોમાં વર્ષોથી પંચાયતનો રસ્તો છે. જ્યાંથી આ ફળિયાના લોકો સહિત ખેડુતો પોતાના ખેતરમાં અવરજવર કરતાં હતાં પરંતુ થોડા દિવસ અગાઉ માથાભારે લોકો દ્વારા રોડ પર જ પંચાયતની ખુલ્લી સરકારી જમીનમાં ગેરકાયદેસર દબાણ કરી રસ્તો સાંકડો કરી રોડ પર જ મકાન બનાવી દીધું હતું. જેથી ખેતરમાં વાહન લઈ જવા માટે મુશ્કેલી ઉભી થવા લાગી છે. ખેડુત પોતાના ખેતરમાં પાક ખેતપેદાશો કરી પોતાના પરિવારનું પેટીયું રળતા હોય છે, પરંતુ હાલ રોડ પર જ મકાન બનાવી દેતાં ખેડુતના ખેતરમાં ખેડાણ વિના પાક કઈ રીતે કરવો તેની મુશ્કેલીને લઈ ખેડૂત પરિવારમાં નારાજગી જોવા મળી રહી છે. વર્ષો જૂના માર્ગ પર માથાભારે યુવકો દ્વારા પંચાયત તંત્રની બેદરકારીથી ખેડૂતોને ભોગ બનવું પડે છે. જેથી રોડ પર જ થયેલ ગેરકાયદેસર દબાણ દુર કરવા તાલુકા વિકાસ અધિકારી હરેશ મકવાણાને ખેડૂત પુત્ર મહેન્દ્ર ચારેલ દ્વારા લેખીત રજુઆત કરવામાં આવી છે.

સંજેલી પંચાયતના સરપંચ દબાણકારોને છાવરે છે. અરજદારે દબાણ બાબતે પંચાયત સરપંચને મૌખિક રજુઆત કરતા સરપંચ ઉશ્કેરાઈ જઈ અપશબ્દોનો ઉપયોગ કરી થાય તે કરી લેજે તેમ જ કોઈ પણ જાતની અરજી કરતો નહીં નહી તો જોવા જેવું થઈ જાય તેવા અપશબ્દોનો ઉલ્લેખ કરી ધમકીઓ આપી હતી. જે બાબતનો રેકોર્ડિંગ સહિતના પુરાવાને લઈ આ બાબતે પણ લેખીત રજુઆતમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

# દાહોદ જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા પેટ્રોલ, ડીઝલના ભાવ વધારાના વિરોધમાં પ્રદર્શન કરી સુત્રોચ્ચાર કર્યા


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
પેટ્રોલ ડિઝલ તેમજ અન્ય ચીજવસ્તુઓના વધેલા ભાવના વિરોધમાં આજરોજ દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સરકાર વિરોધી સુત્રોચ્ચાર કરી શહેરમાં રેલી કાઢી હતી. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે આ રેલી નગરના વિવિધ માર્ગો ઉપર ફરી હતી.

એક તરફ કોરોના મહામારી ત્યારે બીજી તરફ વધતી મોંઘવારીથી દેશવાસીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યાં છે. ગરીબ અને મધ્યમ વર્ગીય પરિવારને પોતાનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બન્યું છે તેવામાં પેટ્રોલ,ડીઝલ અને અન્ય ચીજ વસ્તુઓના વધતાં ભાવોને કારણે પડતા ઉપર પાટું સાબીત થઈ રહ્યું છે. ગૃહિણીઓના બજેટ પણ ખોરવાયાં છે ત્યારે પેટ્રોલ, ડીઝલના ભાવાનોમાં પણ ઐતિહાસીક સતત વધારો થઈ રહ્યો છે. આજરોજ દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા વધતાં ભાવોનેના વિરોધમાં વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસ સમિતિના આગેવાનો દાહોદ તાલુકા પંચાયત ખાતે એકત્રીત થયાં હતાં. ત્યાંથી બળદ ગાડા પર ભવ્ય રેલી શહેરમાં નીકળી હતી. આ રેલી તાલુકા પંચાયતથી યાદગાર ચોક થઈ નગરપાલિકા પહોંચી હતી અને ત્યાં સરકાર વિરોધી ભારે સુત્રોચ્ચાર કરવામાં આવ્યાં હતાં.

# ઝાલોદના લીલવા ઠાકોર ગામે બંધ મકાન માંથી રોકડ અને દાગીના મળી ૮૧ હજારની ચોરી

ઝાલોદ,
ઝાલોદ તાલુકાના લીલવાઠાકોર ગામે એક બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી તિજોરીમાંથી રોકડા રૂપીયા તેમજ સોના – ચાંદીના દાગીના મળી કુલ રૂા.૮૧,૦૦૦ની મત્તાનો હાથફેરો કરી તસ્કરો નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવાં પામી છે.

હાલ લીલવાઠાકોર ગામે રહેતાં અને મુળ ખેડા જિલ્લાના મહેમદાવાદ ખાતે રહેતાં નીરવકુમાર વિરસીંગભાઈ ભાભોરના લીલવાઠાકોર ગામે આવેલ બંધ મકાનમાં તસ્કરોએ ગત તા૧૦.૦૬.૨૦૨૧ના રાતના કોઈપણ સમયે પોતાનો કસબ અજમાવી મકાનના મુખ્ય દરવાજાનું તાળુ તોડી મકાનમાં પ્રવેશ કર્યો હતો અને મકાનમાં મુકી રાખેલ તિજોરીમાંથી રોકડા રૂપીયા ૫૦,૦૦૦, સોના – ચાંદીના દાગીના મળી કુલ રૂા.૮૧,૦૦૦ની મત્તા ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે નીરવકુમાર વિરસીંગભાઈ ભાભોરે ગતરોજ લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદના મોટી ખરજ પ્રા.શાળામાંથી પરિણામ પત્ર, રજીસ્ટર અને પાણીની ટાંકીની ચોરી કરતાં તસ્કરો

દાહોદ,
દાહોદ તાલુકાના મોટીખરજ ગામે એક પ્રાથમીક શાળામાં તસ્કરોએ હાથફેરો કરી વિદ્યાર્થીઓના પરિણામના પત્રક, રજીસ્ટર, હાજરી પત્રક, પાણીની ટાંકી વિગેરે મળી કુલ રૂા.૫૦૦૦ની મત્તાનો તસ્કરો હાથફેરો કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવાં પામી છે.

મોટીખરજ ગામે આવેલ તળાવ ફળિયા પ્રાથમીક શાળામાં ગત તા.૧૪ મેના રોજ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી શાળાના મુખ્ય દરવાજાનું તાળુ તોડી રૂમમાં પ્રવેશ કર્યો હતો અને અંદર મુકી રાખેલ વિદ્યાર્થીઓનું પરિણામ પત્રક, ઓડીટ જી.આર.રજીસ્ટ્રર, હાજરી પત્રક, એલ.સી.બુક, પાણીના નળ, પાણીના બારે વાલ્વ, સબ મર્સિબલ મોટર, પાણીની ટાંકી વિગેરે મળી કુલ રૂા.૫૦૦૦ની મત્તાનો હાથફેરો કરી તસ્કરો નાસી જતાં આ સંબંધે અબ્બાસભાઈ અલીમદભાઈ વરાલીયાએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ફતેપુરાના રૂપાખેડા ગામે લગ્નમાં નોતરૂ ન આપતા પરિવાર પર હમુલો

સુખસર,
ફતેપુરા તાલુકાના રૂપાખેડા ગામમાં ચંપાબેન સવજી કટારા તેમના પતિ સવજીભાઈ ચથા તેમના દિયર મનસુખભાઈ તથા તેમની દેરાણી શારદાબેન ઘરે હતા તે વખતે ગામના દિનેશભાઈ પુનાભાઈ સવજીભાઈના ખેતરમાં આવી સવજીભાઈને તારા ભાઈના છોકરાનુ લગ્ન કર્યુ હતુ તેમાં તમે લોકોએ મને આમંત્રણ કેમ ન આપ્યુ કહી ગાળો બોલી હતી. ગાળોની ના પાડતા દિનેશે દોરડાના ફટકા માર્યા હતા. આ વખતે પત્નિ ચંપાબેને છોડાવવા વચ્ચે પડતા તેમને પણ જમીન ઉપર પાડીને છાતી અને પેટના ભાગે લાતો મારી હતી. આ વખતે દિનેશભાઈનો પુત્ર પિંટુ દોડી આવતા તેને પણ માર માર્યો હતો. આ સાથે દિનેશ જાનથી મારી નાંખવાની ધમકી આપીને ફરાર થઈ ગયો હતો. આ બનાવ અંગે સવજીભાઈએ સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે દિનેશની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

# દે.બારીયાના ભથવાડાની સગીરાને લગ્નના ઈરાદે ભગાડી જતાં ફરિયાદ

દે.બારીયા,
દેવગઢ બારીઆ તાલુકાના ભથવાડા ગામેથી એક ૧૭ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી લગ્નની લાલચ આપી એક યુવક બળજબરીપુર્વક અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

પંચમહાલ જિલ્લાના મોરવા તાલુકામાં રહેતો રતનભાઈ ગમજીભાઈ બારીયાએ ગત તા.૧૨ મેના રોજ દેવગઢ બારીઆ તાલુકામાં રહેતી એક ૧૭ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી પત્નિ તરીકે રાખવા સારૂ ભથવાડા ગામેથી બળજબરીપુર્વક અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાવા વાલી વારસ દ્વારા દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 247

## શહેરા તાલુકાની સ્વસહાય મિશન મંગલમ જુથોની કેટલીક મહિલાઓએ

# તાલુકા વિકાસ અધિકારી સામે ભ્રષ્ટાચાર આચરતા હોવાનો આક્ષેપ

શહેરા,

શહેરા તાલુકાની સ્વસહાય મિશન મંગલમ જુથોની કેટલીક મહિલાઓ એ તાલુકા વિકાસ અધિકારી સામે રીવલીંગ ફંડ અને વિધવાઓના પ્રધાનમંત્રી આવાસોમાં ભ્રષ્ટાચાર આચરતા હોવાનો આક્ષેપ કરતી લેખિત રજુઆત જીલ્લા વિકાસ અધિકારીને કરાઈ હતી. રજૂઆત કરનાર મિશન મંગલમની બહેનો દ્વારા તાલુકા વિકાસ અધિકારીની બદલી સાથે કાર્યવાહીની માંગ કરી હતી.

તાલુકા વિકાસ અધિકારી અંકિતા ઓઝા સામે ભ્રષ્ટાચાર સહિતના આક્ષેપો સાથે ત્રીજી વખત જિલ્લા પંચાયત કચેરી ખાતે લેખિત અને મૌખિક રજૂઆત.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા તાલુકાના સ્વસહાય જૂથોની કેટલીક મહિલાઓ દ્વારા શહેરા તાલુકા વિકાસ અધિકારી અંકિતા ઓઝા સામે ભ્રષ્ટાચારનો આક્ષેપ કરતી એક લેખિત રજુઆત જિલ્લા વિકાસ અધિકારીને કરવામાં આવી છે. જેમાં જણાવ્યું છેકે શહેરા તાલુકાના મિશન મંગલમ યોજના હેઠળ સ્વસહાય જુથોની રિવોલીંગ ફંડમાં તેમજ તાલુકાની મોટાભાગની નિરાધાર વિધવા મહિલાઓને આવાસોના હપ્તામાં ભ્રષ્ટાચાર આચરવામાં આવે છે.આવા અધિકારી સામે ભ્રષ્ટાચાર બાબતે ત્રીજીવાર આવેદનપત્ર આપવા છતાં તેઓ સામે શિક્ષાત્મક પગલાં લીધેલ નથી. વધુમાં એવું પણ જણાવ્યું છે કે, તાલુકામાં નોંધાયેલ મિશન મંગલમ હેઠળ સ્વસહાય જુથોના રિવોલીંગ ફંડ માટેની કાર્યવાહી કરવામાં પણ પૈસા ઉઘરાવતા હોવાનો આક્ષેપ તાલુકા વિકાસ અધિકારી સામે કરાયો છે. આ પહેલા પણ ભાજપ દ્વારા વિરોધ તાલુકા વિકાસ અધિકારી નો કરવામાં આવ્યો જ્યારે ફરી વખત એક વખત તાલુકા વિકાસ અધિકારી સામે મિશન મંગલમની અમુક બહેનો દ્વારા ભ્રષ્ટાચારનો આક્ષેપ લગાવવામાં આવતા આ મુદ્દો તાલુકામાં ચર્ચાનો વિષય બની જવા પામી છે. તાલુકા વિકાસ અધિકારીની તાત્કાલિક બદલી કરવામાં આવે તેવી માંગ બીજી વખત જિલ્લા પંચાયત સુધી રજૂઆત કરાઈ છે. ત્યારે હવે જોવું રહ્યું કે મહિલા તાલુકા વિકાસ અધિકારી અંકિતા ઓઝા ની બદલી થશે કે પછી તેઓ અહીં જ તાલુકા વિકાસ અધિકારી તરીકે આગામી સમયમાં ફરજ બજાવશે તે તો સમય આવેજ ખબર પડી જશે તેમ છે.તાલુકા વિકાસ અધિકારી અંકિતા ઓઝા સામે ભ્રષ્ટાચાર સહિતના આક્ષેપો સાથે ત્રીજી વખત જિલ્લા પંચાયત કચેરી ખાતે લેખિત અને મૌખિક રજૂઆત.

- મિશન મંગલમ જૂથોની કેટલીક મહિલાઓએ તાલુકા વિકાસ અધિકારીના વિરોધમાં આપ્યું આવેદનપત્ર.
- તાલુકા વિકાસ અધિકારી અંકિતા ઓઝાની બદલી સાથે કાર્યવાહી કરી માંગ.
- તાલુકા વિકાસ અધિકારી અંકિતા ઓઝા સામે ભ્રષ્ટાચાર સહિતના આક્ષેપો સાથે ત્રીજી વખત જિલ્લા પંચાયત કચેરી ખાતે લેખિત અને મૌખિક રજૂઆત.

આ બાબતે તાલુકા વિકાસ અધિકારી અંકિતાબેન ઓઝા એ જણાવ્યું હતું કે, હાલ જે આક્ષેપો થઈ રહ્યા છે. તે આધાર પુરાવા સાથે રજુ કરવામાં આવે જેથી તેની ખરાઈ સાબિત થઈ શકે તેમ છે. આ બધી આધાર પુરાવા વગર ની ખોટી વાતો છે. આજે આક્ષેપો થઈ રહ્યા છે તદ્દન પાયાવિહોણા છે.

**મહિલા તાલુકા વિકાસ અધિકારી અંકિતાબેન ઓઝા**

## ગોધરામાં જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા પેટ્રોલ-ડિઝલના ભાવ વધારાના વિરોધ પ્રદર્શન અને ઘરણા કરાયા

ગોધરા,

પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિ, યુથ કોંગ્રેસ દ્વારા હાલની ભાજપની કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા પેટ્રોલ ડીઝલના સતત ભાવવધારાને પગલે ગોધરા શહેરમાં કોંગ્રેસી કાર્યકરો દ્વારા વિરોધ પ્રદર્શન તેમજ ઘરણા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

કેન્દ્ર અને રાજયની ભાજપ સરકાર દ્વારા માત્ર પાંચ મહિના ના ટૂંકા ગાળામાં પેટ્રોલ અને ડીઝલ માં ૪૩ વખત સતત ભાવવધારો પ્રજા પર જિંકવામાં આવ્યો છે.જેના પરિણામે પેટ્રોલ અને ડીઝલ રૂ.૧૦૦ પ્રતિ લીટર પહોંચ્યું છે. જેનો વિરોધ પ્રદર્શન અને ઘરણા કાર્યક્રમ આજ રોજ ગોધરા શહેરના ચર્ચ સર્કલ ખાતે પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિ,યુથ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો હતો.ત્યારે ગુજરાત કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિતભાઈ ચાવડા ના આદેશ અનુસાર પેટ્રોલ ડિઝલ ભાવવધારા નો વિરોધ વ્યકત કરવા પંચમહાલ જિલ્લા કોંગ્રેસ ના પ્રમુખ અજિતસિંહ ભાટી,યુથ કોંગ્રેસ ના મિકી જોસેફ,શહેર પ્રમુખ સીદીક ડેની,મંત્રી રફીકભાઈ તિજોરીવાલા, દક્ષેશભાઈ પટેલ,ખાલિદ હાજી દાવ,ફરીદ ચરખા, ફારૂક વ્હોરા સહિત ના કોંગી કાર્યકરોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું.જેમાં સ્થાનિક ગોધરા પોલીસે તેઓની અટકાયત કરી હતી.



તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

## ઘોઘંબા કોંગ્રેસ સમિતિના કાર્યકરો દ્વારા ડીઝલ-પેટ્રોલ અને રાંધણ ગેસના ભાવ વધારાના વિરોધ પ્રદર્શન કરી આવેદન



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકા કોંગ્રેસ સમિતિ ના અગ્રણી સંનિષ્ઠ કાર્યકરો દ્વારા આજરોજ ઘોઘંબા મામલતદાર ને વધતા જતા ડીઝલ–પેટ્રોલ તેમજ રાધણગેસમાં ભાવમાં ભડકો થયો છે. ત્યારે સામાન્ય માણસો મોંઘવારીમાં પીસાઈ રહેલ છે. ત્યારે સરકાર પ્રજાનું પણ હિત વિચારે તે માટે આજે ઘોઘંબા તાલુકા કોંગ્રેસ પ્રમુખ ચેતનસિંહ પરમાર, ઘોઘંબા તાલુકા કોંગ્રેસ મહામંત્રી સંજયસિંહ સોલંકી,પંચમહાલ જીલ્લા આદિવાસી સેલ પ્રમુખ ગુલસિંહ રાઠવા, કિસાન મોરચા કોંગ્રેસ પ્રદેશ મહામંત્રી હરિવદનભાઈ પટેલ, ઓબીસી મહામંત્રી દશરથસિંહ પરમાર તેમજ ગુણવત સિંહ બારીયા, યુથ કોંગ્રેસ મહામંત્રી સુરેશભાઈ રાઠવા તેમજ કાંતિભાઈ રાઠવા, અગ્રણી કાર્યકર એમ.ટી. તેમજ પોપટભાઈ વગેરે કોંગ્રેસ કાર્યકરો દ્વારા સૂત્રોચ્ચાર અને પ્રદર્શન કરી મામલતદારને આવેદનપત્ર આપી સરકાર દ્વારા જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવોને અંકુશમાં લાવવામાં આવે તેવી માંગણી સાથેનું આવેદનપત્ર ઘોઘંબા મામલતદારને આપ્યું હતું.

## શહેરા તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા પેટ્રોલ-ડીઝલ અને રાંધણ ગેસના ભાવ વધારાના વિરોધમાં પ્રદર્શન કરી આવેદન આપ્યું



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા સહિત સમગ્ર જિલ્લામાં વધતી જતી મોંઘવારીના કારણે પ્રજાજનોને ભારે હાલકી વેઠવી પડી રહી છે.જ્યારે તાલુકા કોંગ્રેસ સમિતિ ના અગ્રણીઓ અને કાર્યકરો પેટ્રોલ ડીઝલના ભાવ વધારાના મુદ્દે વિરોધ પ્રદર્શન કરતા પોલીસે દસ થી ૧૦થી વધુની અટકાયત કરી હતી.

શહેરા સહિત જિલ્લામાં દિન–પ્રતિદિન પેટ્રોલ ડીઝલના ભાવ સતત વધી રહયા છે. જેને લઈને તાલુકા કોંગ્રેસ દ્વારા પેટ્રોલ–ડીઝલ સહિત અન્ય ચીજ–વસ્તુઓના ભાવ ઘટે તે માટે સરકાર સામે વિરોધ કર્યો હતો.

તાલુકાના મુખ્ય બસ સ્ટેન્ડ ખાતે તાલુકા પંચાયતના વિરોધપક્ષના નેતા જે.બી.સોલંકી, તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ આરતસિંહ પટેલ, કોંગ્રેસ અગ્રણી પર્વતસિંહ ચૌહાણ, રંગીત પગી, તરસંગ ગ્રામ પંચાયતના સરપંચ રાજેશ વણકર, રીઝવાન પઠાણ તેમજ જગદીશ પટેલ અને યોગેન્દ્રસિંહ સહિત કાર્યકરો પેટ્રોલ ડીઝલ ભાવ વધારા મુદ્દે વિરોધ કરવા સાથે ભાજપ વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. પેટ્રોલ–ડીઝલના ભાવ વધારાનો વિરોધ કરી રહેલા કોંગ્રેસના ૧૦ જેટલા કાર્યકર્તાઓની શહેરા પોલીસ દ્વારા અટકાયત કરીને પોલીસ મથક ખાતે લઈ જઈને જરૂરી કાર્યવાહી હાથધરી હતી. ઉલ્લેખનીય છેકે વધતી જતી મોંઘવારીના કારણે સામાન્ય પ્રજાજનોને જીવન નિર્વાહ ચલાવવું મુશ્કેલ બનતુ જઈ રહયુ હોય ત્યારે રાજ્ય સરકાર હવે ઉપરોક્ત બાબતે વિચારે તે જરૂરી છે.

## પંચમહાલ જીલ્લામાં આજરોજ ૪ કોરોના કેસ નોંધાયા

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં કોરોના કેસોમાં મહત્તમ ઘટાડો નોંધાતા આજે માત્ર ૦૪ કેસ નોંધાયા છે.જેની સાથે સાથે કોરોના કેસો ઘટવાથી જિલ્લા વાસીઓએ તેમજ જિલ્લા વહીવટી તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.ત્યારે કોરોના દર્દીઓ પણ ઝડપથી સાજા થઈ ઘરે પરત ફરી રહ્યા છે.જે એક સુખદ સમાચાર કહી શકાય.

પંચમહાલ જિલ્લામાં આજે ૧૧ દર્દી કોરોનાને મહાત આપી સાજા થયા. જિલ્લામાં કોરોના કેસોમાં શુક્રવારે ઘટાડો નોંધાતા માત્ર ૦૪ દર્દીઓ નોંધાવા પામ્યા હતાં. જિલ્લામાં કોરોનાનો કુલ આંક આજ રોજ ૯૫૭૬ ઉપર પહોંચી જવા પામ્યો છે.જેમાં જિલ્લા ના શહેરી વિસ્તારો પૈકી કાલોલમાં–૦૧ કેસ નોંધાયા.

જ્યારે ગ્રામ્ય વિસ્તારોમાં ગોધરા–૦૧,મોરવાહડફ–૦૧ અને કાલોલ–૦૧ એમ મળી કુલ ૦૪ કેસ નોંધાયા છે.ત્યારે આજ રોજ કોરોના ને હરાવી કુલ ૧૧ દર્દી સાજા થયા હતા.જે મળી જિલ્લામાં અત્યાર સુધીમાં ૯૩૨૧ દર્દીઓ કોરોનાને પછડાટ આપી સાજા થયા છે.હાલમાં કોરોના ની સારવાર હેઠળ માત્ર ૬૯ દર્દીઓ નો સમાવેશ થાય છે.પંચમહાલ જિલ્લામાં શહેરી વિસ્તારોમાં કુલ ૫૫૦૮ કેસ નોંધાયા. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૪૦૬૮ કેસ નોંધાયા.

## વેજલપુરના ઘુસર રોડ ઉપર ઝાડી ઝાંખરામાં કત્તલના ઈરાદે ગોંધી રાખેલ ૮ ગૌવંશને પોલીસે બચાવ્યા

વેજલપુર,

કાલોલ તાલુકાના વેજલપુર ઘુસર રોડ નાના મહોલ્લા પાછળ કોતરમાં ઝાડ ઝાંખરા વચ્ચે કત્તલના ઈરાદે ગૌવંશ ગોંધી રાખ્યા છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી ૮ ગૌવંશ કિંમત ૧,૩૫,૦૦૦/–રૂપીયાને બચાવી લઈ પશુઓને પરવડી પાંજરાપોળ ખાતે મોકલી આપવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના વેજલપુર ગામે ઘુસર રોડ ઉપર નાના મહોલ્લા પાછળ કોતરની ઝાડી ઝાંખરામાં કત્તલના ઈરાદે ગોંધી રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન ૩ ગાયો અને ૫ નંગ બળદ કિંમત ૧,૩૫,૦૦૦/–રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો હતો. વેજલપુર પોલીસ મથકે સઈદ અબ્બાસ મલીક ઉર્ફે (બળદ), ઈકબાલ મોહમદ જમાલ ઉર્ફે ડોહો વિરૂદ્ધ પશુ અત્યાચાર એકટ હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના ચલાલી ગામમાં પશ્ચિમ ભાગમાં જાહેર રસ્તો ખેતરમાં અવર-જવર માટે હતો તે અંદાજિત ૨૦ વર્ષથી બંધ હાલતમાં

કાલોલ,

ચલાલી ગ્રામ પંચાયતમાં જાગૃત નાગરિક તરીકેની ફરજ બજાવતા અને આમ આદમી પાર્ટીના કાલોલ ના મહામંત્રી અજયસિંહ ચૌહાણ દ્વારા અરજીમાં જણાવ્યું છે કે, લગભગ ૨૦ વર્ષ પહેલાં થી જ રસ્તો બંધ હાલતમાં છે. પંચાયતમાં ઘણી વાર રજુઆતો કરવા છતાં પણ પંચાયતના લાગતા વળગતા અધિકારીઓના પેટનું પાણી હલતું નથી. આજરોજ અરજદાર ચૌહાણ અજયસિંહ બળવંતસિંહ એક જાગૃત નાગરિક તરીકે તેમની ફરજ સમજીને ચલાલી ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીને અરજી કરી છે તેમાં વધુમાં જણાવ્યું છે કે માતા વાળા ફળિયામાં જોગણી માતાનું મંદિર આવેલું છે. ત્યાંથી લઈને તળાવ સુધી જાહેર રસ્તો આવેલો છે. તે રસ્તા ઉપર આવર જવર બંધ છે. ચલાલીના પશ્ચિમ ભાગમાં આવેલા ખેતરોમાં જવા માટે ખેડૂતોને બહુ મોટી મુશ્કેલી નો સામનો કરવો પડે છે. હાલના સમયમાં ખેતરમાં આવવું અને જવું ખેતરમાંથી માલસામાન લાવો પશુઓ માટે લીલો ચારો અને ખેતરમાં રોજે–રોજ જોવા અને આવવામાં તકલીફો પડી રહી છે. જાહેર રસ્તો છે પણ હાલ ઝાડી ઝાંખરા ઊગી નીકળ્યા છે અને અમુક રસ્તાનો ભાગ ધોવાય ગયો છે. ચલાલી ગામમાં વર્ષોથી પશ્ચિમ ભાગે ખેતરમાં જવા આવવા માટે કોઈ રસ્તો જ નથી લગભગ ૨૦ વર્ષથી પણ વધારે સમયથી રસ્તો બંધ હાલતમાં છે. જે અંદાજિત ૫૦૦ મીટર જેવો રસ્તો છે. ચલાલી ગ્રામ પંચાયતમાં વારંવાર રજૂઆત કરવા છતાં હજુ કંઈ પણ નિરાકરણ આવ્યું નથી. ત્રણ ચાર હજારથી પણ વધારે લોકોને આ ખરાબ રસ્તાથી મુશ્કિલો પડી રહી છે. આ રસ્તો બનાવવા માટે વારંવાર મૌખિકમાં રજુઆતો કરી છે. તેમ છતાં કોઈ પગલાં લેવામાં આવતા નથી. લોકોને બીજાના ખેતરોમાં થી અવરજવર કરવી પડે છે. ચોમાસામાં ખેતરોમાં આવવું અને જાવવું મુશ્કેલ પડી જાય છે અને ખેતર માંથી કોઈપણ પ્રકારનો માલસામાન, લીલો ઘાસચારો લાવવો હોય તો ખેડૂત જાતે તેના માથા ઉપર લઈને આવવું પડે છે.



- શું આ અરજી કરેલ છે તેમાં ગ્રામ પંચાયત ને પેટનું પાણી હલશે ખરૂં. ?
- શું આ ચલાલી ના ખેડૂતો ને પડતી હાલાકી સામે તંત્ર સમય સર કામ કરશે ખરૂં ?

## વેજલપુર ગામે બનેલ નવિન બસ સ્ટેશનમાં કોન્ટ્રાકટરે હલ્કી ગુણવતાનું મટીરીયલ ઉપયોગ કર્યો



તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર,

કાલોલ તાલુકાના વેજલપુર ગામે લાખો રૂપિયા ખર્ચે બનાવેલ બસ સ્ટેશનમા કોન્ટ્રાક્ટર એ હલકી ગુણવત્તાનુ મટીરીયલ વાપર્યું હોય જેથી વેજલપુર ગામ ના બસ સ્ટેશનનું પ્લેટફોર્મ સી સી રોડ અને મુસાફરો ને બેસવા માટે મુકેલા તમામ બાંકડા તૂટી ગયા છે. જેથી કોન્ટ્રાકટર એ હલકી ગુણવત્તાનું મટીરીયલ વાપર્યું હોવાથી તમામ જગ્યા એ તૂટેલી હાલતમાં નજરે પડે છે. જેથી કોન્ટ્રાકટર એ હલકી ગુણવત્તાનું મટીરીયલ વાપરીને ભ્રષ્ટાચાર આચાર્ય હોય તેની પોલ બહાર આવી છે. બીજી તરફ વાત કરીએ તો કેન્ટીન દ્વારા બહાર મુકવામાં આવેલ પીવાના પાણીની પરબ મુકવામાં આવેલ છે. તે પરબ માંથી ઢોળાતું પાણીનો કેન્ટીનના સંચાલન દ્વારા વેસ્ટ પાણીનો નિકાલ ન કરતા પાણી બસ સ્ટેશન ના પ્લેટફોર્મના પેવર બ્લોક પર ભયંકર ગંદકી થતા પેવર બ્લોક પર લીલ બાજે છે અને મુસાફરો ને ટોયલેટ અને મુતરડીમાં જવા આવવા માટે લોકોને ઘણી મુશ્કેલીઓ વેઠવી પડે છે અને લીલ બાજવાના કારણે કોઈપણ વ્યકિતનો પગ સ્લીપ ખાયતો કોઈપણ વ્યક્તિનો હાથ પગ તુટવાનો ભય લાગી રહયુ છે. આ ભયંકર ગંદકીના કારણે મચ્છરનો અભદ્ર વધવાના કારણે બસ સ્ટેશનમાં રોકાતા નાઈટ મુસાફરોને મુશ્કેલીઓ વેઠવી પડે છે. આવા કોરોના કાળમાં બસ સ્ટેશનના કેન્ટીનના સંચાલન એ સાફ સફાઈ રાખવી જોઈએ તેની જગ્યાએ કેન્ટીનના સંચાલન ગંદકી કરતા હોય તેમ લાગે છે. જેથી હવે જોવું રહયું કે ગોધરાના એસ ટી ડેપોના અધિકારીઓ કોન્ટ્રાકટર અને કેન્ટીનના સંચાલન સામે કાર્યવાહી કરશે કે પછી જેમ ચાલે છે. તેમ ચાલતુ રહેશે તે જોવુ રહયું.

## પંચમહાલ જીલ્લામાં નયત નમૂનામાં અરજી કરવાથી જરૂરી દસ્તાવેજોના આધારે મંજૂરી બાદ વેક્સિનેશન બુથ પર વોક ઈન રજીસ્ટ્રેશન અને પ્રમાણપત્ર ઉપલબ્ધ કરાવવામાં આવશે

ગોધરા,

કોરોના વાયરસ મહામારી દરમ્યાન વિદેશ જતા વિદ્યાર્થીઓને કોઈ અડચણ ઉભી ન થાય તે માટે જિલ્લા વહિવટી તંત્ર દ્વારા તેમના રસીકરણ માટે ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ માટે એક સ્પેશ્યલ સેલનું ગઠન કરવામાં આવ્યું છે જેના દ્વારા અરજીના આધારે નિયત સમય પહેલા રસીના બીજા ડોઝ માટે વોક ઈન રજીસ્ટ્રેશન દ્વારા રસીકરણની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. વિદેશ જતા વિદ્યાર્થીઓને વિદેશપ્રવાસમાં અડચણ ઉભી થવાની શકયતા નિવારવા પંચમહાલ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં અરજદાર વિદ્યાર્થીએ નિયત પત્રક ભરીને તેમાં દર્શાવેલા દસ્તાવેજો dpc.health. panchmahalgmail. com પર અપલોડ કરી મોકલી આપવાના રહેશે. કોઈ મૂંઝવણ બાબતે હેલ્પલાઈન નંબર ૭૫૬૭૮૯૩૩૦૫ પર ફોન કરી શકાશે. આ દસ્તાવેજોના આધારે આરોગ્ય શાખાના સ્પેશ્યલ સેલ દ્વારા અરજી મંજૂર થયે સબંધિત વિદ્યાર્થીને કન્ફર્મેશન મેઈલ દ્વારા જાણ કરવામાં આવશે. અરજદાર વિદ્યાર્થીઓના દસ્તાવેજો અને પત્રકોની વિગતોની ચકાસણી બાદ નિયત કરવામાં આવેલા ૦૭ ઓળખકાર્ડ પૈકી કોઈ એકનો ઉપયોગ વેક્સીનેશન કરતી વખતે પાસપોર્ટની વિગતો, વિદેશની એકેડેમિક કોર્સ અંગેની વિગતો, સ્ટુડન્ટ વિઝા, જોબ ઓફરના લેટર્સ, ઓલિમ્પિક રમતોમાં ભાગ લેવા માટેનું નોમિનેશન અંગેની વિગતો તેમજ વેક્સિનેશનનો પ્રથમ ડોઝ અંગેની વિગતો આપવાની રહેશે. આ રસીકરણ અને તેનું પ્રમાણપત્ર વિદેશમાં જતા પંચમહાલ જિલ્લાના રસીકરણનો પ્રથમ ડોઝ લીધો હોય અને બીજો ડોઝ લેવા માટે નિયત સમય નક્કી થાય તેવા વ્યકિતઓ માટેની વ્યવસ્થા છે. આ સિવાયની કોઈ પણ વ્યકિતએ આ વ્યવસ્થાનો ઉપયોગ કરવાનો રહેશે નહીં.

**કોવિશીલ્ડ વેક્સિનના પ્રથમ ડોઝ બાદ નિયત સમય પૂર્ણ ન થયો હોય તેવા વિદ્યાર્થીઓને વિદેશ પ્રવાસમાં અડચણ ન થાય તે માટે કરાઈ વ્યવસ્થા**